No Pages to Display



IMMEDIATE all... graduate nurse Saud... ployed Bair/3ft/6"/ ...00 plus only from S. IRC edu cated boys nev... ried in late thirties. C... act with photo/ biodata 020-7171803/ drouse@pn2.vsnl.net.in

PARENTS of Mumbai settled CSI girl 27/5'3" fair, M.A, B.Ed working, invites alliance from parents of prof qlfd Kerallte Christian boys. Reply with photo(R) & details to Box No MUM 121342C Times of India, Mumbai - 1.

MUMBAI based CNI Prot- estant 35/ 5' B.Com working in largest mutual fund seeks alliance from God fearing well qual., well settled bache- lor. Caste no bar. Write Box.No MUM 121629C Times of India, Mumbai 400001

ALLIANCE for RC Chris- tian girl MSW working as an Executive in Pharma compa- ny 38/160 Caste no bar Write

ALLIANCE invited from Prof. qualified, preferably Doctors for Fair Beautiful MBBS girl 25/ 152cm of High status Pune based Industrialist Agrawal (Bansal) family. Write Box.No MUM 121360R Times of India, Mumbai - 400001

ALLIANCE invited from MD/ BDS/ Engineers for MBBS/ DVD/ May'77, 5'3"/ 52 Fair, Slim, Convent educated, working at J J Josptial, Gula- ratt Vaishnav girl. Write with B/ H/ P to Box.No MUM 121498C Times of India, Mumbai-400001.Tel: 24377632.

MATCH for Medico (BPT) Agarwal Kansal Gotra Girl, 26/158 from UP family of Engrs/Doctors Medico/ IAS /IRS/Professional Working in India/Abroad pref. Mail: mkumar11@sanchamet.in Write Box No. DEL 237728R Times of India, New Delhi - 2

ALLIANCE Invited from MD/ BDS/ Engineers for MBBS/ DVD/ May'77, 5'3"/ 52 Fair, Slim, Convent educated, working at J J Josptial, Gula- ratt Vaishnav girl. Write with B/ H/ P to Box.No MUM 121498C Times of India, Mumbai-400001.Tel: 24377632.

ALLIANCE invited from Prof. qualified, preferably Doctors for Fair Beautiful MBBS girl 25/ 152cm of High status Pune based Industrialist Agrawal (Bansal) family. Write Box.No MUM 121360R Times of India, Mumbai - 400001

ALLIANCE PB Khatri girl 24/166, BDS, homely. Send BHP Box MUM 121355C

Matrimonial Alliance Invited

By U.K. based North Indian Hindu (Kshatriya / Rajput) parents of good professional and social standing for their daughter, in a management position

MATCH for slim fair, smart Convent edu, Punjabi Khatri Manglik, 25/5'2", MBA wrkg Girl from Prof qlfd Boys, no addict. Send BHP to Box No MUM 121395C Times of India, Mumbai - 400001 or Email: mmk_90@yahoo.co.in

PROFLY qlfd. match for fair smart Convent Educated Punjabi Arora girl May 76/ 5'4" B Com/ MBA working in Bangalore. Write Box.No BAN 307055C Times of India, Bangalore - 560001.

PUNJABI Brahmin Businessman wants alliance for his highly qualified 23/ 5'2" daughter. Apply Punjabi Brahmin only Box No MUM 121508C Times ...mbai - 400001

SUITABL... yrs. 5'5" ... B.Com., Co... Secretarial ... light Manglik ... Box No. MUM ... of India, Mum...

SINDHI NRI ... alliance both ... Daughter 28/5 ... well settled ... Apply B/H/P di... emirates.net.ae 00971504269772

B'FUL slim fair ... vented B.Sc. MC... placed qulfd.boys ... No DEL 236847R ... dia, New Delhi-11... karnani2002@yah...

SINDHI Sahiti ... well settled boys ... b'ful 24/5'4" H... daughter. Apply wi... Box No. AHM 40435 ... of India,Ahmedaba...

ALLIANCE fro... qlfd. well settled Si... for Dec'77/161 fair, sl... vent educated PG NIF... ing girl from educated ... Ph: 011-25593967/2561...

PROFNL for CA/CW... 5'4"/52 fair/ b'ful Sahi... girl. Box No. MUM 1... Times of India, Mun... 400001. rb57@lycos con...

MATCH for bea... Sindhi girl, B Sc , L L B ... owns property, business ... figure income Contact ... Narvani 98241 40741

બાલવાર્તા

ભાગ ત્રીજો

સંપાદક : **ગિજુભાઈ**

ચિત્રકાર : **સોમાલાલ શાહ**

: પ્રાપ્તિસ્થાન :

સંસ્કાર સાહિત્ય મંદિર

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

પ્રકાશક
વિમુબેન બધેકા
દક્ષિણામૂર્તિ, બાલમંદિર
ભાવનગર.

પ્રથમ મુદ્રણ : સપ્ટેમ્બર, ૧૯૨૯
પુનર્મુદ્રણ - માર્ચ - ૧૯૯૮

મુદ્રક
સુમિત પ્રિન્ટર્સ
ડી. એસ. પી. ઓફિસ પાસે,
કાશીવિશ્વનાથ મંદિરની બાજુમાં,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

ભાષાવાર્તા

શ્રેણી ત્રીજી

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પૃષ્ઠ
૧.	ભટુડીની વાર્તા	૧
૨.	ઠાગાઠૈયા કરું છું	૬
૩.	ટશુકભાઈની વાર્તા	૧૦
૪.	ટાઢા ટબૂકલાની વાર્તા	૧૪
૫.	દલા તરવાડીની વાર્તા	૧૮
૬.	વાણિયો ને ચોર	૨૧
૭.	કાણી ચકલી	૨૨
૮.	ચાર ઉંદરડીઓ	૨૬
૯.	ફૂં ફૂં બાપાની વાર્તા	૨૯
૧૦.	કાકીડા દેડકીની વાર્તા	૩૨
૧૧.	એક દેડકીની વાર્તા	૩૩
૧૨.	કાને ટોપી માથે ચોટી	૩૫
૧૩.	બાપા કાગડો	૪૦
૧૪.	ટીડા જોશીની વાર્તા	૪૬
૧૫.	સુપડકન્યા રાજાની વાર્તા	૫૧
૧૬.	ખડબડ ખડબડ ખોદત હૈ	૫૫
૧૭.	રળો ગઢવી	૬૧
૧૮.	મોર અને ઢેલ	૬૮
૧૯.	મા મને મંતોલે તલ્લી રે તલ્લી	૭૩
૨૦.	બોલે તે બે ખાય	૭૭
૨૧.	તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ	૮૦
૨૨.	ખીલીબાઈની વાર્તા	૮૪
૨૩.	રેંટિયો કહે હું રણશેરી	૮૯
૨૪.	શિયાળની વાર્તા	૯૧
૨૫.	કૂતરો ને ચિત્તો	૯૭
૨૬.	અઘરા શબ્દના અર્થ	૧૦૩

બા ળ વા ર્તા

શ્રેણી ત્રીજી

○ □ ○

ભટુડીની વાર્તા



એક હતી ભટુડી. તેને સાત ભટુડા હતાં. એક વાર ભટુડીને ઘર બાંધવાનો વિચાર થયો એટલે તે સડક ઉપર જઈને બેઠી ને માલનાં ગાડાંની રાહ જોવા લાગી.

એટલામાં એક ગોળનું ગાડું આવ્યું. ભટુડીને રસ્તામાં બેઠેલી જોઈને ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી ભટુડી ! મારગમાંથી ઊઠ.''



ભટુડી કહે : ''ભટુડી તારી મા, ભટુડી તારી બેન, ભટુડીબેન કહીને બોલાવ અને ગોળનું ગાડું ઠલવીને જા એટલે મારગમાંથી ઊઠું.''

ગાડાવાળાએ તો ભટુડીને ભટુડીબેન કહીને

બોલાવી ને ગોળનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડી મારગમાંથી ઊઠી.

ભટુડી ગોળની ભેલીઓને પછી જંગલમાં લઈ ગઈ.

પાછી ભટુડી તો સડક પર જઈને બેઠી ને માલનાં ગાડાની વાટ જોવા લાગી. એટલામાં એક શેરડીનું ગાડું આવ્યું. ભટુડીને રસ્તામાં બેઠેલી જોઈને ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી, ભટુડી ! મારગમાંથી ઊઠ.''

ભટુડી કહે : ''ભટુડી તારી મા, ભટુડી તારી બેન ! ભટુડીબેન કહીને બોલાવ અને શેરડીનું ગાડું ઠલવીને જા એટલે મારગમાંથી ઊઠું.''

ગાડાવાળાએ તો ભટુડીને ભટુડીબેન કહીને બોલાવી અને શેરડીનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડી મારગમાંથી ઊઠી.

ભટુડી શેરડીના સાંઠાને ય તે જંગલમાં જઈ મૂકી આવી.

પાછી ભટુડી તો સડક ઉપર જઈને બેઠી એટલામાં એક કાચરીનું ગાડું આવ્યું. ભટુડીને રસ્તામાં બેઠેલી જોઈને કાચરીના ગાડાવાળાએ કહ્યું : ''ભટુડી, ભટુડી ! મારગમાંથી ઊઠ.''

ભટુડી કહે : ''ભટુડી તારી મા, ભટુડી તારી

બેન ! ભટુડીબેન કહીને બોલાવ અને કાચરીનું ગાડું ઠલવતો જા એટલે મારગમાંથી ઊઠું.''

ગાડાવાળાએ ભટુડીને ભટુડીબેન કહીને બોલાવીને કાચરીનું ગાડું ઠલવી નાખ્યું એટલે ભટુડી મારગમાંથી ઊઠી.

ભટુડી કાચરીને જંગલમાં લઈ ગઈ. પછી ભટુડીએ ગોળની ભેલીની ભીંતો બાંધી. શેરડીના સાંઠાનું છાપરું બનાવ્યું ને કાચરીઓથી ઢાંકી દીધું.

પછી ભટુડી પાણી ભરવા ચાલી. ભટુડાંને કહેતી ગઈ : ''હું જ્યારે બોલું કે —

''ગોળ કેરી ભીંતરડી
ને શેરડી કેરા ડાંડા;
કાચરીએ ઘર છાયાં,
ભટુડા ! કમાડ ઉઘાડો.''

ત્યારે બારણાં ઉઘાડજો.''

વળી ભટુડી ફળિયામાં પડેલી રાખને, સૂંડલાને અને પીપળાને પણ ભટુડાંની ભલામણ કરતી ગઈ.

આ બધી વાત એક વાઘ ઘરની ભીંત પાછળ ઊભો ઊભો સાંભળતો હતો. ભટુડી પાણી ભરવા ગઈ પછી તે બારણા પાસે આવીને ઊભો રહ્યો ને બોલ્યો :

''ગોળ કેરી ભીંતરડી
ને શેરડી કેરા ડાંડા;

કાચરીએ ઘર છાયાં,
ભટુડા ! કમાડ ઉઘાડો.''

ફળિયામાં બેઠી હતી તે રાખ કહે : ''એલા ભટુડાં ! બારણાં ઉઘાડશો મા, હો કે ? એ તો વાઘ છે.''

પછી વાઘ રાખને દૂર નાખી આવ્યો અને વળી બોલ્યો :

''ગોળ કેરી ભીંતરડી
ને શેરડી કેરા ડાંડા;
કાચરીએ ઘર છાયાં,
ભટુડા ! કમાડ ઉઘાડો.''

ત્યાં તો સૂંડલો કહે : ''ભટુડા, ભટુડાં ! કમાડ ઉઘાડશો મા. એ તમારી મા નથી, એ તો વાઘ છે.''

ત્યાં તો વાઘ પાછો સૂંડલાને ય દૂર મૂકી આવ્યો ને વળી બોલ્યો :

''ગોળ કેરી ભીંતરડી
ને શેરડી કેરા ડાંડા;
કાચરીએ ઘર છાયાં,
ભટુડા ! કમાડ ઉઘાડો.''

ત્યાં તો પીપળો બોલ્યો : ''ભટુડાં, ભટુડાં ! તમે બારણું ઉઘાડશો મા. એ તો વાઘ છે. તમારી મા નથી, હો !''

વાઘ તો વળી પાછો પીપળાને પણ દૂર નાખી આવ્યો ને ફરી વાર બોલ્યો :

''ગોળ કેરી ભીંતરડી
ને શેરડી કેરા ડાંડા;
કાચરીએ ઘર છાયાં,
ભટુડા ! કમાડ ઉઘાડો.''

ભટુડાંએ જ્યાં કમાડ ઉઘાડયાં ત્યાં તો મોટો બધો વાઘ ! વાઘ તો એકદમ ભટુડાંને ખાવા લાગ્યો. પણ એક બાંડું ભટુડું કોઠીમાં સંતાઈ ગયું તે બચી ગયું. પછી વાઘ લાંબો થઈને ઘર વચ્ચે સૂતો. વાઘને જરા ઊંઘ આવી ત્યાં તો બાંડું ભટુડું કોઠીમાંથી નીકળી મા પાસે પહોંચી ગયું ને તેને બધી વાત કહી.

મા તો ખૂબ ખૂબ ખિજાઈ ગઈ. પછી તે ઘર પાસે આવીને બોલી :

''ઢોરો ચઢતાં ઢીંચણ ભાંગે,
પાણી પીતાં પેટ ફાટે,
મારાં ભટુડાં મારી પાસે આવે.''

ત્યાં તો વાઘનું પેટ ફાટયું ને બધાં ભટુડાં બહાર આવ્યાં, માને વળગી પડયાં ને ધાવવા લાગ્યાં.





કાગાડૈયા કરું છું

એક હતો : કાગડો અને : એક હતી કાબર. બન્ને જણાંને દોસ્તી થઈ.

કાબર ભલી અને ભોળી હતી પણ કાગડો બહુ પાક્કો હતો. કાબરે કાગડાને કહ્યું : ''કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલોને આપણે ખેતર ખેડીએ? દાણા સારા થાય તો આખું વરસ ચણવા જવું ન પડે અને નિરાંતે ખાઈએ.''

કાગડો કહે : ''બહુ સારું; ચાલો.''

પછી કાબર અને કાગડો પોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યાં.

થોડી વાર થઈ ત્યાં કાગડાની ચાંચ ભાંગી એટલે કાગડો લુવારને ત્યાં તે ઘડાવવા ગયો. જતાં જતાં કાબરને કહેતો ગયો : ''કાબરબાઈ! તમે ખેતર ખેડતાં જાઓ. હું હમણાં ચાંચ ઘડાવીને આવું છું.''

કાબર કહે : ''ઠીક.''

પછી કાબરે તો આખું ખેતર ખેડી નાખ્યું પણ કાગડાભાઈ આવ્યા નહિ.

કાગડાભાઈની દાનત ખોટી હતી એટલે ચાંચ તો

ઘડાવી પણ કામ કરવાની આળસે ઝાડ ઉપર બેઠા બેઠા લુહારની સાથે ગપ્પાં મારવા લાગ્યા.

કાબર તો કાગડાની રાહ જોઈ થાકી ગઈ, એટલે કાગડાને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે : ''કાગભાઈ, કાગભાઈ ! ચાલો ને ? ખેતર તો ખેડાઈ ગયું. હવે આપણે વાવીએ.''

કાગડો કહે :

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું,
જાવ, કાબરબાઈ ! આવું છું.''

કાબર પાછી ગઈ અને એણે તો વાવવાનું કામ શરૂ કર્યું. કાબરે રૂપાળો બાજરો વાવ્યો. થોડા દિવસોમાં એ એવો તો સુંદર ઊગી નીકળ્યો કે બસ !

એટલામાં નીંદવાનો વખત થયો એટલે વળી કાબરબાઈ કાગડાને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે : ''કાગડાભાઈ, કાગડાભાઈ ! ચાલો, ચાલો; બાજરો બહુ સારો ઊગ્યો છે. હવે જલદી નીંદવું જોઈએ, નહિતર માલને નુકસાન થશે.''

આળસુ કાગડાએ ઝાડ ઉપરથી કહ્યું :

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું,
જાવ, કાબરબાઈ ! આવું છું.''

કાબર તો પાછી ગઈ અને એકલીએ ખેતર આખું નીંદી નાખ્યું.

વખત જતાં કાપણીનો સમય આવ્યો એટલે કાબર વળી કાગડાભાઈને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે : ''કાગડાભાઈ ! હવે તો ચાલો ? કાપણીનો વખત થયો છે. મોડું કાપશું તો નુકસાન થશે.''

લુચ્ચા કાગડાએ કહ્યું :

''ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી ઘડાવું છું,
જાવ, કાબરબાઈ ! આવું છું.''

કાબરબાઈ તો નિરાશ થઈ પાછી ગઈ. અને ખિજાઈને એકલીએ આખા ખેતરની કાપણી કરી નાખી.

પછી તો કાબરે બાજરાનાં ડૂંડાંમાથી બાજરો કાઢયો. અને એક કોર બાજરાનો એક ઢગલો કર્યો, અને બીજી કોર એક મોટો ઢૂંસાંનો ઢગલો કર્યો, અને ઉપર થોડોએક બાજરો નાખ્યો.

પછી તો કાગડાને બોલાવવા ગઈ. જઈને કહે : ''કાગડાભાઈ ! હવે તો ચાલશો ને ? બાજરાના ઢગલા તૈયાર કર્યા છે. તમને ગમે તે ભાગ તમે રાખજો.''

વગર મહેનતે બાજરાનો ભાગ મળશે એ જાણી કાગડાભાઈ ફૂલાઈ ગયા.

તેણે કાબરને કહ્યું : ''ચાલો બેન ! તૈયાર જ છું. હવે ચાંચ બરાબર થઈ ગઈ છે.''

કાબર મનમાં બોલી : ''ખોટી દાનતનાં ફળ હવે બરાબર ચાખશો, કાગડાભાઈ !''

પછી કાગડો અને કાબર ખેતરે આવ્યાં. કાબર કહે : ''ભાઈ ! તમને ગમે તે ઢગલો તમારો''

પછી કાગડાભાઈ તો મોટો ઢગલો લેવાને માટે ઢૂંસાવાળા ઢગલા ઉપર જઈને બેઠા. પણ જ્યાં બેસવા જાય ત્યાં ભાઈશા'બનાં પગ ઢૂંસામાં ખૂંતી ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસાં ભરાઈ ગયાં અને કાગડાભાઈ મરણ પામ્યા !

પછી કાબરબાઈ બાજરો પોતાના ઘેર લઈ ગઈ અને ખાધું પીધું ને મોજ કરી.



ટશુકભાઈની વાર્તા

એક ડોશી હતી. એક વાર પાદર જાજરૂ જવા ગઈ. પાદર ચીભડાંના વેલા બહુ થયા હતા. તેમાં તેણે એક ચીભડું દીઠું. ચીભડું ખાવાનું મન થયું એટલે ડોશીએ તે તોડીને ઘેર આણ્યું. ડોશી તો હાથપગ ધોઈને જ્યાં ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું : ''મા, મા ! મને ખાશો મા. હું તો તમારો દીકરો છું.''

ડોશીએ તો અચંબો પામીને ચીભડાંને એક કોરે મૂક્યું. થોડી વાર થઈ ત્યાં તેમાંથી એક છોકરો નીકળ્યો.

ડોશીએ તેનું નામ સાંગો પાડ્યું.

એક દિવસ ફરી ડોશી પાદર ગઈ અને ચીભડું તોડી લાવી. ડોશી જ્યાં ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડું બોલ્યું : ''મા, મા ! મને ખાશો મા. હું તો તમારો દીકરો છું.''

ડોશીએ તો નવાઈ પામી ચીભડાંને છેટું મૂક્યું. થોડીક વારે તેમાંથી બીજું બાળક નીકળ્યું. તેનું નામ ડોશીએ શરવણ પાડ્યું.

વળી થોડાક દિવસો ગયા એટલે ડોશી પાદરે ગઈ અને એક સારું મજાનું ચીભડું તોડી લાવી. જ્યાં નિરાંત કરી ચીભડું ખાવા જાય છે ત્યાં ચીભડાંને વાચા ઊપજીને તે બોલ્યું : ''મા, મા ! મને ન ખાશો; હું તો તમારો દીકરો છું.''

ડોશીમાં તો બહુ વિચારમાં પડી ગયાં અને ચીભડાંને બાજુએ મૂક્યું. થોડીક વારે ચીભડાંમાંથી એક ત્રીજો છોકરો નીકળ્યો. ડોશીએ તેનું નામ લાખો પાડ્યું.

ડોશીને વળી એક દિવસ ચીભડાં ખાવાનું મન થયું અને પાદર ગયાં. શોધીને મજાનું મીઠું ચીભડું લાવ્યાં. ઘેર આવી ડોશી જ્યાં ચીભડું ખાવા જાય ત્યાં તો ચીભડું બોલ્યું : ''માડી ! મને ન ખાતાં; હું તો તમારો દીકરો છું.''

ડોશીએ તો આ વખતે પણ ચીભડાંને કોરે મૂક્યું. થોડી વાર થઈ ત્યાં તેમાંથી એક છોકરો નીકળ્યો. એ છોકરાનું નામ ડોશીએ લખમણ પાડ્યું.

હવે ચીભડાટાણી ઊકલી જવા આવી હતી. ડોશીએ વિચાર કર્યો કે હવે એક વાર જાઉં અને જેવું મળે એવું ચીભડું લાવીને ખાઉં. ડોશી તો એક પાકું ને નાનું સરખું ચીભડું લઈ આવ્યાં, ડોશી જ્યાં હાથ પગ ધોઈ ચીભડું ખાવા જાય છે ત્યાં તો વળી ચીભડું બોલ્યું : ''હું હું, મા ! મને ન ખાશો. હું તો તમારું બાળક છું.''

ડોશીએ તો ચીભડું ન ખાધું અને કોરે મુક્યું. તરત જ તેમાંથી એક ટૂંકું ઠીંગણું બાળક નીકળ્યું. ડોશીએ તેનું નામ ટશુકભાઈ પાડ્યું.

ડોશીના તો પાંચે દીકરા ખાઈ પીને મોટા થયા.

એક દિવસ ડોશી જંગલમાં લાકડાં લેવા ગયાં રસ્તામાં સિંહ મળ્યો. સિંહ કહે :

''ડોશી ડોશી ! તને ખાઉં.''

ડોશી કહે : ''અરે ભાઈ ! મને તે ખવાય ? તું તો મારો ભાઈ થાય. તું મને ખાય તો તારા ભાણેજો રખડે ને ?''

સિંહે મનમાં વિચાર કર્યો કે ડોશીને એકલીને ખાવી તેના કરતાં ડોશી અને ભાણેજો બધાંયને ખાવાં તે ઠીક. તે બોલ્યો : ''ડોશી ! તો હું ભાણેજોને જોવા આવીશ. ભાણેજોને વાત કરજે. કાલે સાંજે આવીશ.''

ડોશી કહે : ''ઠીક.''

ઘેર જઈને ડોશીએ છોકરાઓને બધી વાત કરી અને ચેતવી રાખ્યા.

બીજે દિવસે સાંજે સિંહ આવ્યો.

મામો ને સૌ ભાણેજો બેઠા. ભાણેજોએ મામાની સારી રીતે ચાકરી કરી. પછી ભાણેજોએ મામાને કહ્યું : ''મામા ! એક વાર્તા કહો.'' એટલે સિંહ કહેવા લાગ્યો —

''પહેલા તે ખાશું સાંગો શરવણ;
પછી તે ખાશું લાખો લખમણ;
પછી તે ખાશું ટશુકભાઈને
પછી તે ખાશું ડોહલીબાઈને''

સિંહે પોતે વાત પૂરી કરી. પછી ભાણેજોને કહે : ભાંકાભાઈ ! હવે વાર્તા કહેવાનો વારો તમારો.'' છોકરાઓ કહે : ''સાંભળો, મામા !

''હાથડા તે થોભશે સાંગો શરવણ;
પગડા તે ઝાલશે લાખો લખમણ;
માથડું તે કાપશે ટશુકભાઈ રે
દીવડો તે થોભશે ડોહલીબાઈ રે''



આ વાત સાંભળી સિંહના મનમાં ફાળ પડી એટલે તે પૂંછડું માથે લેતોક જંગલમાં નાસી ગયો.

ટાઢા ટબૂકલાની વાર્તા

એક ડોશી હતી. તે એક કૂબામાં રહેતી હતી. વરસાદના દિવસો આવ્યા અને વરસાદ બહુ થયો. એટલે ડોશીના કૂબામાં ચારે કોર ચૂવા લાગ્યું, અનેક ઠેકઠેકાણે પાણીનાં ખાબોચિયાં ભરાઈ ગયા.

ડોશીને ચૂવાથી બહુ જ ત્રાસ થવા લાગ્યો : ચૂવાનાં ટીપાં તેના શરીર પર પડતાં હોવાથી તે ઘણી કંટાળી ગઈ.

એક વાર એક સિંહ ડોશીના કૂબા પાછળ રાતનો લપાઈને ઊભો હતો. એવામાં ડોશીને પગમાં ઠેશ લાગવાથી ખાબોચીયામાં પડી અને શરીરે ટાઢું લાગવાથી બોલી :

''હું સિંહલાથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં;
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી.''

ડોશીને આવું બોલતી સાંભળી સિંહ વિચાર કરવા લાગ્યો : આ ડોશી સિંહથી કે વાઘથી બીતી નથી, અને ટાઢા ટબૂકલાથી બીએ છે, ત્યારે એ ટાઢું ટબૂકલું તે કેવું હશે ?

એટલામાં ડોશીના વાંસામાં ઉપરથી એક મોટું પાણીનું ટીપું પડ્યું. ડોશી વળી કંટાળીને બોલી :

''હું સિંહલાથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં;
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી.''

સિંહ ફરી વાર ડોશીને બોલતી સાંભળીને ગભરાયો અને ટાઢા ટબૂકલાથી બચવા માટે ઊભે પૂંછડે જંગલ તરફ દોડયો.

રસ્તામાં એક વડ આવ્યો. વડ ઉપર એક વાંદરો ધ્રૂજતો બેઠો હતો. નીચે ભૂલો પડેલો એક મુસાફર વડના થડ પાસે ઓડવાઈને પડયો હતો.

સિંહને દોડતો જતો જોઈને વાંદરે પૂછયું : ''સિંહભાઈ ! વનરાજ થઈને ધ્રૂજતાં ધ્રૂજતાં ક્યાં દોડયાં જાઓ છો ?''

સિંહ કહે : ''ભાઈ ટાઢા ટબૂકલાથી બહુ બીઉં છું. એક ડોશી બોલતી હતી :

''હું સિંહલાથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં;
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી.''

આથી હું ડોશીને બોલતી સાંભળીને જીવ લઈને ભાગ્યો છું.''

સિંહની વાત સાંભળીને વાંદરાને પણ બહુ બીક લાગી.

ઝાડ પાસે સિંહને ઉભેલો જોઈ નીચે બેઠેલા



માણસને બીક લાગી કે કદાચ સિંહ પોતાને ખાઈ જશે.

એટલે તેણે ઝાડ પર ચડવાનો વિચાર કર્યો. તેના હાથમાં વાદરાનું ટાઢું ટાઢું પૂંછડું આવ્યું. મુસાફરે વાંદરાંનું પૂછડું પકડયું એટલે વાંદરો ચમકયો અને ટાઢું ટબૂકલું આવી પહોચ્યું એમ ધારી ચીસ પાડી કૂદ્યો. મુસાફરના હાથમાંથી પૂંછડું લપસી ગયું એટલે તે ધડ લઈને નીચે પડયો એટલે સિંહને લાગ્યું કે ટાઢું ટબૂકલું આવી પહોંચ્યું છે અને વાંદરાને પકડયો છે; આથી સિંહ વધારે ગભરાયો ને અંધારામાં ત્યાંથી દોડતો દોડતો નાઠો.

તે જ રાત્રે એક વોરાની બકરી ખોવાયેલી તેથી તે જંગલમાં તેને શોધવા માટે નીકળેલો. અંધારામાં સિંહ તેની સાથે અફળાયો. સિંહને કંઈક અથડાયું એટલે તેને બીક લાગી કે ટાઢું ટબૂકલું આવ્યું; ને વોરાને કંઈક અથડાયું એટલે એણે જાણ્યું કે પોતાની બકરી હાથ આવી.

સિંહ તો ટાઢા ટબૂકલાની બીકથી લપાઈને ટાઢો થઈને કોરે જઈને ઊભો રહ્યો. વોરાને લાગ્યું કે નજીક ઊભેલું પ્રાણી પોતાની બકરી છે એટલે તેણે એકદમ પાસે જઈને ગાળો દઈ, તેના કાન પકડીને તેને બે-ચાર ખેંચી કાઢી.

સિંહના મનમાં તો થયું કે ભોગ લાગ્યા ! ટાઢા ટબૂકલાના હાથમાં આવ્યા તે હવે છૂટશું નહિ. બીકમાં અને બીકમાં તેણે માર ખાઈ લીધો અને મિંયાની મીની જેવો બની વોરા સાથે ચાલ્યો.

વોરાએ ઘેર આવીને તેને બકરીને ખીલે બાંધી દીધો.

સવારમાં ઊઠને જ્યાં વોરીસાહેબ બકરી દોહવા જાય ત્યાં તો તેણે બકરીને બદલે સિંહ જોયો !

વોરીજીએ વોરાજીને વાત કરી અને સિંહ છે એમ ખાતરી થતાં દૂરથી છરી વડે દોરડું કાપી નાખી વોરાવોરી ઘરમાં પેસી ગયાં !

સિંહને મનમાં થયું : હાશ ! ચાલો. ટાઢા ટબૂકલાથી છૂટ્યા !

દલા તરવાડીની વાર્તા

એક હતો તરવાડી. એનું નામ હતું દલો. દલા તરવાડીની વહુને રીંગણાં બહુ ભાવે. એક દિવસ દલા તરવાડીની વહુએ દલા તરવાડીને કહ્યું : ''તરવાડી રે તરવાડી !''

તરવાડી કહે : ''શું કહો છો ભટ્ટાણી !''

ભટ્ટાણી કહે : ''રીંગણા ખાવાનું મન થયું છે. રીંગણા લાવો ને, રીંગણાં ?''

તરવાડી કહે : ''ઠીક.''

તરવાડી તો પછી હાથમાં ખોખરી લાકડી લઈ ઠચુક ઠચુક ચાલ્યા. નદીકાંઠે એક વાડી હતી ત્યાં ગયા; પણ વાડીએ કોઈ ન હતું. તરવાડીએ વિચાર કર્યો કે હવે કરવું શું ? વાડીનો ધણી અહીં નથી અને રીંગણાં કોની પાસેથી લેવાં ?

છેવટે તરવાડી કહે : ''વાડીનો ધણી નથી તો વાડી તો છે ને ! ચાલો, વાડીને જ પૂછીએ.''

દલો કહે : ''વાડી રે બાઈ, વાડી !''

વાડી ન બોલી. એટલે પોતે જ કહ્યું : ''શું કહો છો, દલા તરવાડી ?''

દલો કહે : ''રીંગણાં લઉં બે-ચાર ?''

ફરી વાડી ન બોલી. એટલે વાડીને બદલે દલો કહે : ''લે ને દસ-બાર !''

દલા તરવાડીએ રીંગણાં લીધાં અને ઘેર જઈ તરવાડી તથા ભટ્ટાણીએ ઓળો કરીને ખાધો.

ભટ્ટાણીને રીંગણાનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ વાડીએ આવે ને ચોરી કરે. વાડીમાં રીંગણા ઓછાં થવા લાગ્યાં. વાડીના ધણીએ વિચાર કર્યો કે જરૂર કોઈ ચોર હોવો જોઈએ; તેને પકડવો જોઈએ.

એક દિવસ સાંજે વાડીનો માલિક ઝાડ પાછળ સંતાઈને ઊભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યા : ''વાડી રે બાઈ, વાડી !''

વાડીને બદલે દલો કહે : ''શું કહો છો, દલા તરવાડી. :''

દલો કહે : ''રીંગણા લઉં બે-ચાર ?''

અને વાડીને બદલે વળી દલો કહે : ''લે ને દસ-બાર !''

દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણાં લીધાં. અને જ્યાં ચાલવા જાય છે ત્યાં તો વાડીનો ધણી ઝાડ પાછળથી નીકળ્યો ને કહે : ''ઊભા રહો. ડોસા ! રીંગણાં કોને પૂછી ને લીધાં ?''

દલો કહે : ''કોને પૂછીને કેમ? આ વાડીને પૂછીને લીધાં?''

માલિક કહે : ''પણ વાડી કાંઈ બોલે?''

દલો કહે : વાડી નથી બોલતી પણ હું બોલ્યો છું ના?''

માલિક ઘણો ગુસ્સે થયો અને દલા તરવાડીને બાંવડે ઝાલી એક કૂવા પાસે લઈ ગયો. દલા તરવાડીને કેડે એક દોરડું બાંધી તેને કૂવામાં ઉતાર્યો. પછી માલિક જેનું નામ વશરામ ભૂવો હતું તે બોલ્યો : ''કૂવા રે ભાઈ, કૂવા!''

કૂવાને બદલે વશરામ કહે : ''શું કહો છો વશરામ ભૂવા?

વશરામ કહે : ''ડબકાં ખવરાવું બે-ચાર?''

કૂવાને બદલે વળી વશરામ બોલ્યો : ''ખવરાવ ને, ભાઈ! દસ-બાર.''

દલા તરવાડીના નાકમાં અને મોંમાં પાણી પેસી ગયું, તેથી દલો તરવાડી બહુ કરગરીને કહેવા લાગ્યો : ''ભાઈશાબ! છોડી દે. હવે કોઈ દિવસ ચોરી નહિ કરું. આજ એક વાર જીવતો જવા દે; તારી ગાય છુ.!''

પછી તરવાડીને બહાર કાઢયા અને જવા દીધા. તરવાડી ફરી વાર ચોરી કરવી ભૂલી ગયા ને ભટ્ટાણીનો રીંગણાનો સ્વાદ સૂકાઈ ગયો.

વાણિયો ને ચોર

એક હતો વાણિયો. એને ઘી લેવું હતું એટલે પોતે કૂંડી ને તેર રૂપિયા લઈ બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં સાંજ પડી ગઈ. સામું ગામ જરા દૂર હતું. થોડી વાર થઈ ત્યાં સાવ અંધારું થઈ ગયું.

ત્યાં તો વાણિયે અંધારામાં દૂરથી કંઈક જોયું એને વહેમ પડયો કે રખે ને કોઈ ચોરબોર હોય !

બીનો તો ખરો પણ આખરે વાણિયો ! ખોંખારો માર્યો, મુછ મરડી અને બોલ્યો :---

તું હોય જો ટુંટુંખૂંટું,
તો હું છું મરદ મૂંછાળો,
તું હોય જો કોળીનાળી,
તો તેર ટકા ને કૂંડી તારી.''

વાણિયાભાઈ તો એમ બોલતા જાય, ખોંખારા મારતા જાય ને ધીરે ધીરે આગળ પગલાં મૂકતા જાય !

છેક પાસે ગયા ત્યાં તો ઝાડનું ઠુંઠું ! વાણિયા-ભાઈના મનમાં હાશ થયું.

પછી તો જોઈ લ્યો વાણિયાભાઈનો રોફ. બીજે ઠેકાણે પછી પોતાનાં એવાં તો વખાણ કર્યાં એવાં તો વખાણ કર્યાં, કે ન પૂછો વાત !

કાણી ચકલી

એક હતો કણબી. એને હતું એક ખેતર, એમાં વાવી જુવાર, જુવારે કણસલાં આવ્યાં હતાં. એક એક કણ જાણે મોતીનો દાણો !

એક દિવસ ચકલીઓએ ખેતરમાં દાણા ચણવાનો વિચાર કર્યો. બધી ખેતરમાં ઊતરી. સૌ ફૂણા ફૂણા દૂધ ભરેલા દાણા ચણવા લાગી : ચણક, ચણક, ચણક.

એટલામાં તો કણબી આવ્યો ને જાળ નાખી. બધી ચકલી ભરરર કરતી ઊડી ગઈ. એક બિચારી કાણી ચકલી પાછળ રહી ગઈ, તે જાળમાં સપડાઈ ગઈ.

કણબીએ એને પકડી; એક દોરી વડે બાંધી ને થાંભલા સાથે જકડી. પછી ગયો એક મોટી લાકડી લેવા.

લાકડી લેતોક ને એને મારવા લાગ્યો.

કાણી ચકલી બિચારી તડફડવા લાગી.

એટલામાં ત્યાંથી એક ગાયોનો ગોવાળ નીકળ્યો. ગોવાળને જોઈને ચકલી બોલી :—

''ગાય વાલે દાદા, ગાય વાલે દાદા !
રંગ છાઇું;
સબમિલે ખાઈ, ફાંદની રંગ છાઇું,
કાની મેંચિડિયા; ફાંદની રંગ છાઇું.''

ગોવાળ વિચારમાં પડ્યો કે ચકલી શું બોલે છે ? ત્યાં તો ચકલી ફરી વાર બોલી :

''ગાય વાલે દાદા, ગાય વાલે દાદા !
રંગ છાહું;
સબમિલે ખાઈ, ફાંદની રંગ છાહું,
કાની મેંચિડિયા; ફાંદની રંગ છાહું.''

સાંભળીને ગોવાળ તો ખેતરમાં ગયો. જુએ છે તો ખેડૂત ચકલીને મારે છે.

ગોવાળ કહે : ''અરે જવા દે ને, ભાઈ ! બિચારી કાણી છે.''

કણબી કહે : ''અરે ! હવે હું એને છોડું ! એને તો કચેરીમાં લઈ જઈશ ને ફરિયાદ કરીશ. કેટલો બધો બગાડ કર્યો ? તને એની ક્યાં ખબર છે ?''

ગોવાળ કહે : ''લે મારી આ દૂઝણી ગાય. છોડી દે આ ચકલીને.''

કણબી કહે : ''જા, જા ! ચાલતો થા, નહિ તો માર ખાવો પડશે.''

ગોવાળ તો ગાયો લઈને ચાલ્યો ગયો.

પછી આવ્યો એક ભેંશનો ગોવાળ. ત્યાં તો કાણી ચકલી ફરીથી ગાવા લાગી :--

''ભેંશ વાલે દાદા, ભેંશ વાલે દાદા !
રંગ છાહું;
સબમિલે ખાઈ, ફાંદની રંગ છાહું,
કાની મેંચિડિયા; ફાંદની રંગ છાહું.''

ભેંશનો ગોવાળ કહે : ''ચાલ ને જોઉં તો ખરો કે કોણ ગાય છે?''

ખેતરમાં જાય ત્યાં કણબી કાણી ચકલીને મારતો હતો.

ગોવાળ કહે : ''અરે જવા દે ને ભાઈ! બિચારી કાણી છે. એક વાર જવા દે.''

કણબી કહે : ''વાહ! હું કાંઈ એને મૂકું એમ નથી. એણે તો મારું કેટલુંય નુકસાન કર્યું છે. કચેરીમાં લઈ જઈશ ને ફરિયાદ કરીશ.''

ગોવાળ કહે : ''લે મારી ભેંશ. છોડી દે બિચારીને.''

કણબી કહે : ''જા, જા! ચાલતો થા, નહિ તો માર ખાઈશ!''

ગોવાળ તો પોતાની ભેંશો લઈને રવાના થઈ ગયો.

પછી ત્યાં બકરીનો ગોવાળ, ઘોડાવાળો, ઊંટવાળો, બધા ય આવી ગયા; પણ કણબીએ સૌને હાંકી કાઢયા.

પણ કણબી ચકલીને કચેરી તરફ લઈ ચાલ્યો; રસ્તામાં તડકો લાગ્યો એટલે એક ઝાડ નીચે બેઠો. ત્યાં ચાર ગંજેરી બેઠા હતા.

કાણી ચકલી તેમને જોઈને ગાવા લાગી :

''ગંજેરી દાદા, ગંજેરી વાલે દાદા !
રંગ છાહું;
સબમિલે ખાઈ, ફાંદની રંગ છાહું,
કાની મેંચિડિયા; ફાંદની રંગ છાહું.''

સાંભળીને ગંજેરો કહે : ''ક્યા યાર ! ક્યા બોલતી હૈ યે ચિડિયા? સુનો તો સહી.''

કાણી ચકલી ફરી વાર ગાવા લાગી :--

''ગંજેરી દાદા, ગંજેરી વાલે દાદા !
રંગ છાહું;
સબમિલે ખાઈ, ફાંદની રંગ છાહું,
કાની મેંચિડિયા; ફાંદની રંગ છાહું.''

ચકલીને ગાતી સાંભળી ગંજેરી કણબી પાસે આવ્યા ને કહે : ''ક્યોં બે ! છોડતા હે યા નહિ, યે ચિડિયાકોં ?''

કણબી કહે : ''જુઓ, જુઓ ! એને તો મારે કચેરીમાં લઈ જવી છે. તમે તમારે રસ્તે પડો !''

ગંજેરીઓ તો છેડાઈ પડયા. ''મારો સાલેકો'' કહી કણબીને મારવા ઉપડયા.

ત્યાં તો કણબીએ ચકલીને છોડી દીધી.

પછી કાણી ચકલી બિચારી હળવે હળવે ઊડતી પોતાની ટોળીમાં ભળી ગઈ.

ચાર ઉંદરડીઓ

ચાર હતી ઉંદરડીઓ. ચારે બહેનપણી. એક રહે ઘંટીમાં, એક રહે હાટમાં, એક રહે વાટમાં ને એક રહે ખેતરમાં.

એક વાર એક કણબી ગાડું લઈને ખેતરે જતો હતો. વાટે જતાં વાટમાં રહેનારી ઉંદરડી કચરાઈ ગઈ. કચરાઈને એ તો પૈડાં સાથે ચોંટી ગઈ.

ગાડું તો ખેતરે ગયું. કણબી ગાડામાં પૂળા ખડકે છે ત્યાં ખેતરવાળી ઉંદરડીએ પૈડાં સાથે ચોંટી ગયેલી ઉંદરડીને દેખી.

એણે તો કણબી સાથે સંદેશ દીધો :

''ભાઈ ઊભાવાળિયા,
ભાઈ પૂળાવાળિયા !
હાટુડીને કહેજે કે
વાટુડી મરી ગઈ.''

કણબી કહે : ''માળું ! કોણ બોલ્યું ? અહીં તો કોઈ માનવી નથી.''

ત્યાં તો ઉંદરડી ફરી બોલી :—

''ભાઈ ઊભાવાળિયા,
ભાઈ પૂળાવાળિયા !
હાટુડીને કહેજે કે
વાટુડી મરી ગઈ.''

કણબીએ તો ચારે તરફ જોયું, ફરીફરીને જોયું પણ કોઈ દેખાયું નહિ.

કણબી તો નાહકનો બીનો ને ગાડું ને પૂળા મૂકીને ભાગ્યો.

ઘેર આવીને વાણિયાને હાટે તેલ લેવા ગયો. એ જ હાટમાં પેલી ઉંદરડી રહે.

તેલ લેતાં લેતાં કણબી કહે : ''શેઠ ! આજે તો ભારે થઈ !''

શેઠ કહે : ''શું વળી ?''

કણબી કહે : ''પૂળા લેતો હતો ત્યાં કોઈક ખેતરમાં બોલ્યું :

''ભાઈ ઊભાવાળિયા,
ભાઈ પૂળાવાળિયા !
હાટુડીને કહેજે કે
વાટુડી મરી ગઈ.''

પેલી હાટુડી તો દરમાં બેઠી બેઠી આ વાત સાંભળતી હતી. દરમાંથી જ એણે પૂછ્યું : ''એલા ! એ વાત તને કોણે કીધી ?''

વાણિયો ને ખેડૂત કહે : ''માળું ! આ કોણ બોલ્યું ?''

ત્યાં તો હાટુડીએ ફરીવાર પૂછ્યું : એલા ! એ વાત તને કોણે કીધી ?

કણબી કહે : ''ભાગો ભાગો, શેઠ ! આ હાટમાં કાંઈક લાગે છે.''

ત્યાં તો શેઠ અને કણબી બેઉ હાટ મૂકીને નાઠા.

કણબી ઘેર જઈને કણબણને વાત કરવા લાગ્યો. ''સાંભળ્યું કે ? આજ તો માળું એક કૌતુક થયું. ખેતરમાં ગાડું છોડી હું પૂળા ભરતો હતો ત્યાં તો કો'ક બોલ્યું :

''ભાઈ ઉભાવાળિયા,
ભાઈ પૂળાવાળિયા !
હાટુડીને કહેજે કે
વાટુડી મરી ગઈ.''

હું તો એવો બીનો કે ગાડું મૂકીને ભાગ્યો ! આ તેલ લેવા ગયો હતો ત્યાં ય એવું થયું. વાણિયાને વાત કરતો હતો કે ખેતરમાં કો'ક આમ આમ બોલ્યું ને હું તો બીને ભાગ્યો. ત્યાં તો વળી કો'ક હાટમાંથી બોલ્યું : ''એલા ! એ વાત તને કોણે કીધી ?'' હાટમાં તો કોઈ નો'તું ! અમે તો ભાગ્યા. જરૂર કો'ક વાંસે પડયું લાગે છે !''

ત્યાં તો ઘંટુડી ઘંટીમાંથી સાવરણી ને સૂંથિયું માથે મૂકીને બહાર આવીને ફળી વચ્ચે બેસીને બોલી : ''ભાઈ ! તને એ સંદેશો કોણે દીધો ? અરરર ! મારી વાટુબેન મરી ગઈ, ને ખેતરની બેને હાટુડી ઘંટુડી ને સંદેશા મોકલ્યા ? હાય હાય, ગજબ થયો !''

કણબી કહે : ''ઓય વોય ! આ તો ખેતરમાં ઉંદરડી બોલતી હતી ! અરેરે, હું તો નાહકનો બીનો.''

કણબાણ કહે : ''તમે તો એવા જ છો; ઉંદરડીથી યે બીઓ !''

ફૂં ફૂં બાપાની વાર્તા

એક હતો બ્રાહ્મણ. એને એક હતો દીકરો બાપદીકરો એક દિવસ પરગામ જવા નીકળ્યા. રસ્તામાં બંને ભૂલા પડયા. ચાલતાં ચાલતાં મોટું જંગલ આવ્યું. તેમાં એક ડાકણનું ઘર હતું. બંને જણાને ભૂખ લાગી હતી તેથી તેઓ તે ઘરમાં ગયા, પણ ઘરમાં તો ડાકણ બેઠી હતી. તેને જોઈને બાપદીકરો બંને જણા ખૂણામાં એક કોઠી પડી હતી તેમાં સંતાઈ ગયા.

બપોર થયા એટલે ડાકણ બહાર ગઈ અને એક મોટો દૂધનો હાંડો લઈ આવી. પછી ડાકણે તેનો દૂધપાક બનાવ્યો ને કોઠી પાસે ઠારવા મૂક્યો.

દીકરાને બહુ ભૂખ લાગી હતી; ખાવા માટે તે ઘણો ઉતાવળો થયો હતો. દૂધપાક જોઈને તેના મોંમાં પાણી આવ્યું, ને બાપને કહેવા લાગ્યો :

''બાપા ! હવે તો રહેવાતું નથી. હું તો બહાર નીકળીને ખાઉં છું. ભલે મને ડાકણ મારી નાખે !''

બાપ કહે : ''ઠીક ત્યારે હળવે હળવે કોઠીમાંથી બહાર નીકળ ને ડાકણને ડાબે પડખે બેસીને ખા. આ ડાકણ ડાબી આંખે બાડી છે એટલે તને દેખશે નહિ.''

દીકરો કહે : ''ઠીક.''

પછી દીકરો બહાર નીકળ્યો. ભૂખ લાગી હતી

તેથી ખાવા માટે તે ઉતાવળો થઈ ગયો હતો. એકદમ દૂધપાકમાં હાથ નાખી જ્યાં ખાવા ગયો ત્યાં તો દૂધપાક ઊનો હતો તે ખૂબ દાઝયો અને ફૂં ફૂં ફૂંકવા લાગ્યો.

ડાકણે અગાઉ કદી ફૂં ફૂં એમ સાંભળેલું ન હતું. તેથી તે એકદમ બીની. તેના મનમાં થયું : 'આ મારા ઘરમાં કોણ આવ્યું હશે? નક્કી આ તો ફૂં ફૂં બાપા છે; આ તો કોઈ મોટો રાક્ષસ લાગે છે!'

તે એકદમ ઘર છોડીને નાઠી. રસ્તામાં તેને શિયાળ મળ્યું.

શિયાળ કહે : ''ભાઈ! આમ દોડતાં દોડતાં ક્યાં જાવ છો?''

ડાકણ કહે : ''અરે ભાઈ! શી વાત કહું? મારા ઘરમાં તો કો'ક 'ફૂં ફૂં' એમ બોલે છે. હું તો બહુજ બીઉં છું. ઘરમાં મજાનો દૂધપાક રાખ્યો છે પણ અંદર જતાં જ બીક લાગે છે.''

શિયાળ કહે : ''અરે બેન! એમાં બીઓ છો શું? ચાલો, હું તમારી સાથે આવું. ડાકણને ઘેર તે કોણ હોય? તમારાથી તો સૌ કોઈ બીએ!''

ડાકણ અને શિયાળ પાછા ચાલ્યાં. બંન્ને ઘરમાં આવ્યાં. શિયાળે ચારે કોર જોયું તો કોઠી પાસે કે ઘરમાં કોઈ ન હતું, માત્ર કોઠીમાંથી ફૂં ફૂં અવાજ આવતો હતો. દાઝેલો દીકરો હજી ફૂંકો મારતો હતો.

શિયાળ કહે : ''હું અં... ! કંઈક લાગે છે ખરું; પણ મને તપાસ કરવા દે.''

એમ કહીને તે કોઠી ઉપર ચડ્યું, અને તેમાં ઊતરવા લાગ્યું. કોઠીમાં શિયાળની પૂંછડી ગઈ એટલે બાપે તે જોરથી ખેંચી ને આમળી.

શિયાળ તો ચીસેચીસ પાડવા લાગ્યું. તે કહે : ''ઓ બાપ રે ! કોઠીમાં તો આમળિયો બાપો છે ! ભાગો રે ભાગો ! આ તો ફૂં ફૂં બાપાનો મોટો બાપો લાગે છે !''

બીકમાં ને બીકમાં શિયાળે ખૂબ જોર કર્યું એટલે તેની પૂંછડી તૂટી ગઈ. ગભરાઈને તે અને ડાકણ જીવ લઈને નાઠા !

પછી બ્રાહ્મણ ને તેનો દીકરો બહાર આવ્યા ને દૂધપાક ખાઈને નિરાંતે ઘેર ગયા.

કાકીડા દેડકીની વાર્તા

એક હતી દેડકી.

તે એક કાકીડા સાથે પરણી.

એક વખત દેડકી અને કાકીડો સામસામી વાડે બેઠાં હતાં.

દેડકી કાકીડા પાસે સામી વાડે જતી હતી ત્યાં એક હાથી નીકળ્યો. દેડકીએ હાથી સામે જઈને કહ્યું :

''છપરપગા હાથીડા !
તું જોઈ ને ચાલ,
રૂડું રતન ચગદાશે !''

હાથી કહે :--

''ચીબરા નાકની દેડકી !
તને દેખે છે કોણ ?''

દેડકીને ચીબરા નાકની કહી તેથી પોતાનું અપમાન થયું માની તેણે કાકીડા પાસે આવીને રાવ ખાધી :---

''વાડે બેઠા રાણા ભોજરાજજી !
છપરપગા હાથીડે
મને ચીબરા નાકની દેડકી કીધી !''

કાકીડે વિચાર કર્યો કે દેડકી જો હાથી સામે ચાલશે તો મરી જશે તેણે કહ્યું :--

''જાઓ પદમણી પાતળાં !
માંગરને માર્યો જોશે.''

એક દેડકીની વાર્તા



એક દેડકી હતી.

તે એક દેડકાને પરણી.

એક વાર દેડકીબાઈ હાથમાં છાશની દોણી લઈ બજારે છાશ લેવા ચાલ્યાં, ત્યાં રસ્તામાં હાથી મળ્યો. નવી પરણેલી દેડકીએ પોતાના રૂપનું જરા અભિમાન કરી હાથીને કહ્યું :

''છપર પગના હાથીયા રે !
તું જોઈ ને ચાલ,
રૂડું રતન ચગદાશે !''

હાથી દેડકીની આવી શેખીથી ખિજાયો અને બોલ્યો :--

''ફેડરા પેટની દેડકી રે !
તને દૈવ દેખે છે.''

હાથીએ દેડકીને ડેફરા પેટની કીધી એટલે પોતાના રૂપનું અપમાન થયું જાણીને તેણે પોતાના પતિ દેડકાજીને કહ્યું :--

''વાડમાં બેઠા રાણા રાજીયા રે !
આ છપરા પગનો હાથીડો,
મને ડેફરા પેટની દેડકી કે' છે!''

દેડકે વિચાર કર્યો કે આ મૂરખી ગુમાનમાં ચગદાઈ જશે. એટલે પોતાનું ને દેડકીનું માન રહે તેમ બોલ્યો :--

''ઓરાં આવો, ગોરાંદે પાતળાં !
હાથી જખ મારે છે !''

કાનો ટોપી માથે ચોટી

એક હતો વાણિયો. તે એક વાર વેપાર માટે પરદેશ જવા નીકળ્યો. જતાં જતાં વહુને બોલાવીને તેણે કહ્યું : ''એલી સાંભળ્યું કે? હું જાઉં છું પરદેશ. તું અને છોકરાં સાચવીને રેજો; ને મારી માને પણ સાચવીને આપણાં છોકરાં જેમ જ રાખજે. જોજે હો, કંઈ કામબામ કરાવીશ નહિ.''

વહુએ કહ્યું :: ''ઠીક, તમે કહો છો તેમ હું જરૂર કરીશ. જરા ય ચૂક પડવા દઈશ નહિ. તમે તમારે નિરાંતે જાવ.''

વહુએ વાત કાનમાં રાખી.

વાણિયો તો પરદેશ ગયો.

વહુએ બીજે દિવસે ડોશીમાને કહી દીધું : ''બાઈજી, તમારાં દીકરા મને કહી ગયા છે કે માને છોકરાં જેમ સાચવજે, અને કાંઈ કામબામ કરવા દઈશ નહિ. તમે હવે કાંઈ કામબામ કરશો મા; આપણાં છોકરાં સાથે રમજો, જમજો અને મજા કરજો.''

ડોશી તો વિચારમાં પડયાં, પણ કહ્યું : ''ઠીક વહુ બેટા! હવેથી એમ કરીશ.''

થોડા દિવસ થયા એટલે વહુએ છોડીના કાન વીંધાવ્યા. તે વખતે વહુને ધણીની વાત યાદ આવી કે

''માને છોકરાંની જેમ રાખજે.'' એટલે એણે ડોશીમાના પણ કાન વીંધાવવાનો વિચાર કર્યો. વહુએ ડોશીમાને કહ્યું : ''ચાલો, માજી તમારા કાન વીંધાવવા છે.''

ડોશીમાં ગભરાયાં ને વહુને કહ્યું : ''વહુ બાપુ! મારે કાન વીંધાવવા નથી. મારે વળી ઘરડે ઘડપણ કાન વીંધાવવાના હોય?''

વહુએ કહ્યું : ''ના મા! એમ ન ચાલે કાન તો વીંધાવવા જ પડશે. તમારો દીકરો મને કહેતા ગયા છે કે માને છોકરાંની જેમ રાખજે. મારે તો બેઉ આંખ સરખી. આ જશલી યે સરખી ને તમે ય સરખાં.''

ડોશીમાં તો મનમાં સમજી ગયાં અને વોરા પાસે કાન વીંધાવવા બેસી ગયાં. વોરાએ કાન વીંધ્યા અને કાનમાં દોરા પણ નાખ્યા. વહુ રોજ જેમ જશલીને કાને તેલ મૂકે તેમ ડોશીમાને કાને તેલ મૂકે.

થોડા દિવસ થયા. કાન ઊજર્યા એટલે વહુએ છોકરીને કાનમાં પહેરાવવા ટોટી ઘડાવી. બીજી ટોટી ડોશીમા માટે પણ ઘડાવી.

ડોશીને બોલાવી વહુએ કહ્યું : ''બાઈજી! લ્યો આ ટોટી; તમને હું પહેરાવું, મારે તો જશલીના બાપ કહી ગયા છે તેમ કરવું જ જોવે ના? એક ટોટી જશલી માટે ઘડાવી ત્યારે સાથો સાથ આ બીજી ટોટી તમારા માટે ય ઘડાવી છે.''

ડોશી કહે : ''બાપુ! મને ટોટી શું કામ પ્હેરાવે છે? મારે ઘરડી ડોશીને વળી ટોટી હોય? તારી છોડીને પહેરાવ; મારે નથી પહેરવી.'' પણ વહુએ તો ડોશીને પરાણે ટોટી પહેરાવી.

પછીથી ડોશીમા ટોટી પહેરીને છોકરાં સાથે હરે, ફરે ને રમે.

એમ કરતાં કરતાં અખાત્રીજ જ આવી. સારો દિવસ જોઈને વહુએ છોકરાને માથે ચોટલી રખાવી. તરત જ વહુને ડોશીમાં સાંભર્યાં. ડોશીમાં રમતાં હતાં ત્યાંથી તેને બોલાવીને કહ્યું : ''ચાલો, ડોશીમા! હજામ પાસે બેસી જાવ. મારા ગોધિયા જેમ તમારે માથે પણ ચોટલી રખાવવી છે. મારે તો છોકરાંય સરખાં ને તમે ય સરખાં. ઈ કે'તા ગ્યા છે કે માને છોકરાંની જેમ રાખજે. ગોધિયાને ચોટલી રખાવું ને તમને કેમ ન રખાવું? લ્યો, ઝટ કરો; પછી ગોધિયાને ને તમને લાપશી ખવરાવું.''

ડોશીમાએ વહુને બહુ બહુ વિનવી પણ વહુ એકની બે થઈ નહિ. છેવટે ડોશી હજામ પાસે બેઠાં અને માથે ચોટલી રખાવી. છોકરાને માથે અને ડોશીને માથે કંકુના સાથિયા કર્યા. બન્નેને દૂધ અને સાકરે નવરાવ્યાં અને બેઉને લાપશી ખવરાવી.

પછી તો રોજ ડોશીની ચોટલીમાં વહુ તેલ નાખે, ગૂંથે અને માથે બોશલો ઓઢાડી ડોશીમાને છોકરાંની સાથે રમવા મોકલે. ડોશીમા તો રૂપાળી મજાની નાની નાની

ટોટી પહેરે, ચોટલી ગૂંથાવે અને માથે બોશલો ઓઢીને રમવા જાય.

જમવાનો વખત થાય ત્યારે વહુ સાદ પાડીને બોલાવે :--

''કાને ટોટી
માથે ચોટી,
નાનામાંથી મોટી !
ચાલજે.....ખાવા.''

આમ રોજ રોજ ચાલે.

એમ કરતાં ડોશીમાનો દીકરો પરદેશથી આવ્યો. દીકરે ઘેર આવી વહુને પૂછ્યું : ''મા ક્યાં છે? મારે પગે લાગવું છે.''

વહુ કહે : ''માજી તો શેરીમાં રમવા ગયાં છે તે હમણાં આવશે.''

દીકરો કહે : ''એ શું? વળી મા તો રમવા

જતાં હશે? છોકરાં રમવા જાય, કાંઈ ઘરડાં રમવા જતાં હશે?''

વહુ કહે : ''હું તો માને રમવા મોકલું છું. તમે નો'તા કે'તા ગ્યા કે માને છોકરાં જેમ રાખજે? મેં તો જશલીની જેમ માના કાન વીંધાવ્યા છે ને કાનમાં ટોટી પહેરાવી છે. આપણા ગોધિયાને ચોટલી રખાવી ત્યારે માને પણ ચોટલી રખાવી'તી. સૌને રમવા મોકલું ને માને રમવા કેમ ન મોકલું? મારે તો બધાંયને સરખાં રાખવાં જોવે ના?''

ધણી સમજી ગયો કે મૂરખી સ્ત્રીએ લગનનું બારમું કર્યું છે!

પછી ધણીએ કહ્યું એટલે વહુએ માને સાદ કર્યો :--

''કાને ટોટી
માથે ચોટી,
નાનામાંથી મોટી!
ચાલજે.....ખાવા.''

ડોશી તો શેરીમાંથી રમતાં રમતાં આવ્યાં. દીકરાને જોઈને ડોશીની આંખમાં આસું આવ્યાં ને દીકરાને પણ માની હાલત જોઈ દિલમાં લાગી આવ્યું.

મૂરખ વહુની મૂર્ખાઈ માટે દીકરે માની માફી માગી અને વહુને ઠપકો આપ્યો.

બાપા કાગડો

એક હતો વાણિયો. વાણિયાને એક છ-સાત વરસનો છોકરો હતો. એ છોકરો બહુ જ કાલો અને ઘણો જં પડપૂછિયો હતો. રોજ તે બાપની સાથે દુકાને જાય અને બાપને કંઈનું કંઈ પૂછ્યા જ કરે. વાણિયો એટલો બધો શાંત હતો કે દીકરાને રાજી કરવા માટે જે પૂછે તેનો જવાબ આપ્યા કરે. કોઈ દિવસ ઘેલિયાને નાખુશ કરે નહિ. કોઈ દિવસ પોતે ખિજાય ન જાય. હંમેશા ઘેલિયાભાઈ કહે તેમ કરે.

એક દિવસ ઘેલિયો બાપની સાથે દુકાને આવ્યો અને લાડથી તેના બાપનો ખોળો ખૂંદવા લાગ્યો ને જે તે પૂછવા લાગ્યો. એટલામાં દુકાનની સામે એક લીમડાનું ઝાડ હતું. તેના પર એક કાગડો આવીને બેઠોને 'કો કો' કરવા લાગ્યો. ઘેલિયાએ કાગડો જોયો એટલે તે તરફ આંગળી કરીને બાપને કહ્યું : ''બાપા ! કાગડો.''

બાપ કહે : ''હા, ભાઈ ! કાગડો.''

ફરી વાર છોકરે બાપના હાથ પકડી કહ્યું : ''બાપા ! કાગડો.''

ફરી વાર બાપે ઉત્તર આપ્યો : ''હા, ભાઈ : કાગડો.''

છોકરાએ વળી ત્રીજી વાર કહ્યું : ''પણ, બાપા ! કાગડો.''



બાપે એટલી જ ધીરજથી કહ્યું : ''હા, ભાઈ ! કાગડો.''

જવાબ આપીને બાપ દુકાનના કામમાં જરા રોકાયો એટલે વળી છોકરે બાપનો ગોઠણ હલાવી કહ્યું : ''જુઓ તો, બાપા ! કાગડો.''

બાપે ધંધામાંથી ધ્યાન કાઢીને ઘણી શાંતિથી કહ્યું : ''હા બેટા ! કાગડો.''

છોકરો કાલો અને પડપૂછડિયો હતો, તેથી આટલાથી તેને સંતોષ થયો નહિ. શેઠ પાછા પોતાના કામમાં રોકાય ત્યાં તેની પાઘડી ખેંચી વળી બોલ્યો : ''બાપા ! કાગડો.''

શેઠે જરા પણ ચિડાયા વિના કહ્યું ''હા, ભાઈ ! કાગડો હું.''

છોકરો તો વેન્ને ચડયો અને વળી બોલ્યો : જુઓ તો ખરા ? બાપા ! કાગડો.''

બાપે ચોપડો લખતાં લખતાં છોકરા સામે જોઈને વળી કહ્યું : ''હા હો, બેટા ! કાગડો. એ કાગડો છે, હું !''

થોડીવાર સુધી છોકરો કાગડા સામે જોઈ રહ્યો અને વળી ઘુરી આવી હોય તેમ બાપનો ખભો જોરથી હલાવીને બોલ્યો : ''બાપા ! કાગડો.''

વાણિયે જરા પણ ગુસ્સે થયા વિના કહ્યું : ''હા ભાઈ ! કાગડો.''

આ રીતે છોકરો તો વારેવારે વાણિયાને 'બાપા કાગડો' 'બાપા કાગડો' એમ પૂછતો ગયો ને બાપ પણ 'હા ભાઈ ! કાગડો.' 'હા, ભાઈ ! કાગડો' 'એમ બોલતો જ રહ્યો. છેવટે છોકરો થાકયો અને 'બાપા ! કાગડો. બોલતો બંધ પડયો.

વાણિયો શાણો હતો. છોકરો જેમ જેમ 'બાપા કાગડો' 'બાપા કાગડો' બોલતો ગયો તેમ તેમ તે પોતાના ચોપડામાં 'બાપા ! કાગડો.' 'હા, ભાઈ ! કાગડો.' એ પ્રમાણે લખતો ગયો. છોકરો થાકી ગયો ત્યારે બાપે ગણી જોયું તો બરાબર એક સો વાર 'બાપા ! કાગડો. 'હા ભાઈ ! કાગડો.' લખાયેલું હતું.

ભવિષ્યમાં કોઈ દિવસ આ ચોપડો કામ આવશે એમ ધારી ડાહ્યા વાણિયાએ ચોપડાને સાચવીને જૂનાં દફતરોમાં મુકાવ્યો.

આ વાતને ઘણાંયે વર્ષો વીતી ગયાં.. વાણિયો છેક

ઘરડો થઈ ગયો હતો ને પેલો ઘેલિયો ત્રીશ વર્ષનો જુવાન થઈ ગયો હતો. ઘેલિયો તો હવે મોટો શેઠ બની રહ્યો હતો અને વેપાર ધમધોકાર ચાલતો હતો. ઘેલિયો સઘળે ઘેલાશેઠ ઘેલાશેઠ થઈ પડયો હતો ને તેનું બધે ય બહુ માન હતું. પરંતુ પેલો ઘરડો વાણિયો બહુ દુઃખી હતો. ઘેલાશેઠ તેની સેવા ચાકરી તો શાની કરે, પણ શેઠાણીની શીખવણીથી માબાપને ખૂબ દૂઃખ આપતો હતો. બાપ બહુ કંટાળ્યો એટલે ઘેલિયાને કેવા લાડથી ઉછેર્યો હતો તે તેને યાદ આપવાનો તેણે વિચાર કર્યો.

એક દિવસ ઘરડા શેઠ લાકડીને ટેકે ટેકે દુકાને ગયા અને ઘેલાશેઠની ગાદીએ ચડીને બેઠા. બાપને જોઈ દીકરો ચિડાયો અને મનમાં બબડયો ! ''આ ડોસો વળી અહીં ક્યાં આવ્યો ! નકામો ટકટકાટ કરશે અને જીવ ખાશે.''

થોડી વારમાં ડોસાએ એક કાગડો જોઈ ટાઢે પેટે કહ્યું : ''ભાઈ ! કાગડો.''

ઘેલાશા તો ડોસાના પ્રશ્નોથી જ વિચારમાં પડયા અને અત્યંત ચિડાઈને બોલ્યો : ''હા, બાપા ! કાગડો.'

ડોસાએ વળી કહ્યું : ''ભાઈ ! કાગડો.'

ઘેલાશાએ જરા વધારે ચિડાઈને અને કંઈક તિરસ્કારથી જવાબ વાળ્યો : ''હા, બાપા ! કાગડો.''

ડોસાએ જાણ્યું કે દીકરો ચિડાય છે. પરંતુ તે

દીકરાની આંખ ઉઘાડવા જ આવ્યો હતો તેથી પૂરેપૂરી શાંતિ રાખી બોલ્યો : 'ભાઈ ! કાગડો.''

ભાઈ તો એકદમ ખિજાયા અને ભભૂકી ઊઠયા : ''હા, બાપા ! કાગડો. હા, એ કાગડો છે. એમાં વારેવારે 'ભાઈ ! કાગડો.' 'ભાઈ ! કાગડો.' એમ શું બોલ્યા કરો છો ? મને મારું કામ કરવા દો ને ?'' કહીને ઘેલશા આડું મોં કરી પોતાને કામે લાગ્યા.

ઘરડા શેઠ કંઈ કાચા ન હતા. તેમણે ઘેલશાનો હાથ પકડી કાગડા તરફ આંગળી કરી ઠંડે પેટે કહ્યું : ''ભાઈ ! કાગડો''

હવે ઘેલાશાનો મિજાજ ગયો. તેણે વિચાર્યું :

''આ ડોસો જોને નકામો 'ભાઈ ! કાગડો.' લવ્યા કરે છે ? નથી કાંઈ કામ કે કાજ ! નવરો પડયો એટલે નકામો લવારો !''

તેણે ડોસા સામે જોઈ કહ્યું : ''બાપા ! ઘેર જાઓ. અહીં તમારું શું કામ છે ? દુકાને કામકાજમાં નાહક તમે શા માટે ડબાડબ કરો છો ?''

શાંતિથી જરા હસીને કાગડા સામી આંગળી કરી ડોસો બોલ્યો : ''પણ, ભાઈ ! કાગડો.''

''હા, બાપા ! કાગડો, કાગડો, કાગડો ! હવે તે કેટલી વાર કાગડો ? કાગડામાં તે શું છે તે કાગડો કાગડો કરો છો ?''

ડોસો ફરી વાર આંગળી કરી 'ભાઈ ! કાગડો ! એમ બોલે તે પહેલાં ઘેલાશેઠે વાણોતરને કાગડો ઉડાડી મૂકવાનું કહ્યું ને કાગડાને ઉડાડી મુકાવ્યો. પછી લખતો લખતો પોતાના મનમાં બળતો મોટેથી બબડયો : ''ખરેખર. 'સાઠે બુદ્ધિ નાઠી.' તે બરાબર સાચું છે. આ ડોસાની બુદ્ધિ હવે છેક ગઈ છે. હવે તો ડોસો મરે તો સારું !''

ડોસાની આંખે આંસુ આવ્યાં. તેણે જૂના વાણોતરને બોલાવીને પેલો જૂનો ચોપડો કઢાવી ઘેલાશાના હાથમાં 'બાપા ! કાગડો 'હા ભાઈ ! કાગડો. ! લખેલું પાનું મૂકયું. ઘેલશાને તેના બાળપણની હકીકત સઘળી વાણોતરે કહી સંભળાવી. ઘેલાશા સઘળું તુરત જ સમજી ગયો. દીકરે બાપની માફી માગી અને તે દિવસથી માબાપની ખરા દિલથી ચાકરી કરવા લાગ્યો.

ટીડા જોશીની વાર્તા

એક હતો જોશી. એને જોશ જોતાં ન આવડે પણ દંભમાં રળી ખાય. એક દિવસ તે એક ગામથી બીજે ગામ જવા નીકળ્યો. રસ્તામાં બે ધોળા બળદને એક ખેતરમાં ચરતા દીઠા. તેણે એ વાત ધ્યાનમાં રાખી લીધી.

જોશીજી તો ગામમાં ગયા અને એક પટેલને ત્યાં ઉતારો કર્યો. એક કણબીકણબણ આવ્યાં ને મહારાજને કહે : ''જોશી મહારાજ! અમારા બે ધોળા બળદ ખોવાયા છે; કઈ દિશામાં ગયા હશે તેનું જોશ જોઈ આપો ને?''

જોશીએ તો હોઠ ફફડાવી એક જૂના સડી ગયેલા ટીપણામાં જોઈને કહ્યું : ''પટેલ! તમારા બળદો આથમણી સીમમાં ફલાણાના ખેતરમાં છે, તે ત્યાંથી લઈ આવો.''

પટેલ તો બતાવેલા ખેતરે ગયો એટલે તેને બળદો મળ્યા. તે ઘણો ખુશી થયો અને ટીડા જોશીને રાજી કર્યા.

બીજે દિવસે રાત્રે ટીડા જોશીની પરીક્ષા કરવા

ઘરધણીએ પૂછ્યું : ''મહારાજ! તમારું જોશ સાચું હોય તો કહો, ઘરમાં કેટલા રોટલા થયા હતા?''

ટીડા જોશીને તો કંઈ ધંધો ન હતો, એટલે રોટલાના તાવડીમાં નાખતી વખતના ટપાકા ઉપરથી ગણેલું કે તેર રોટલા થયેલા છે એટલે તેણે જોશ જોવાનો ડોળ કરીને કહ્યું : ''પટેલ! આજે તમારા ઘરમાં તેર રોટાલા થયા હતા.''

પટેલ તો બહુ આશ્ચર્ય પામ્યો.

ઉપલા બે બનાવથી જોશી મહારાજની કીર્તિ આખા ગામમાં ફેલાઈ, ને જોશી મહારાજ પાસે સૌ જોશ જોવરાવવા આવવા લાગ્યા. એટલામાં ત્યાંના રાજાની રાણીનો નવલખો હાર ખોવાયો.

રાજાએ જોશીની કીર્તિ સાંભળી હતી, એટલે તેણે તેને તેડાવ્યો.

રાજાએ જોશીને કહ્યું ''જુઓ, ટીડા મહારાજ! રાણીનો હાર ક્યાં છે અથવા તો કોણ લઈ ગયું છે તે જોશ જોઈને કહો. હાર જડશે તો તમને રાજી કરીશું.''

જોશી મૂંઝાયા. જરા વિચારમાં પડયા. રાજાએ કહ્યું : ''આજની રાત તમે અહીં રહો, ને રાત આખી વિચાર કરીને સવારે કહેજો. પણ જોજો, જો જોશ ખોટું પડશે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ.''

ટીડા જોશી તો વાળુ કરીને પથારીમાં પડયા પણ ઊંઘ ન આવે.

જોશીના મનમાં ભય હતો કે સવારે રાજા ઘાણીએ ઘાલીને તેલ કાઢશે.

ટીડા જોશીને ઊંઘ નહોતી આવતી એટલે તે ઊંઘ નીંદરડીને બોલાવવા લાગ્યા. ''નીંદરડી ! આવ; નીંદરડી ! આવ.''

હવે વાત એમ હતી કે રાજાની રાણી પાસે નીંદરડી નામની દાસી રહેતી હતી ને તેણે જ રાણીનો હાર ચોર્યો હતો. ''નીંદરડી ! આવ; નીંદરડી ! આવ.'' એમ ટીડા જોશીને બોલતાં એણે સાંભળ્યા એટલે તે એકદમ ગભરાઈ ગઈ. એને લાગ્યું કે ટીડા જોશી પોતાનું નામ જોશના બળથી જાણી ગયા છે.

નીંદરડીએ બચી જવાના વિચારથી ટીડા જોશીને હાર આપી આવવાનો વિચાર કર્યો. તે હાર લઈને

જોશી પાસે ગઈ અને બોલી : ''મહારાજ ! લ્યો આ ખોવાયેલો હાર. મારું નામ હવે લેશો નહિ. હારનું ગમે તેમ કરજો.''

ટીડા જોશી મનમાં ખુશી થયા કે આ ઠીક થયું; નીંદરને - ઊંઘને બોલાવતાં આ નીંદરડી આવી અને હાર આપી ગઈ !

ટીડા જોશીએ નીંદરડીને કહ્યું : ''જો, આ હાર રાણીના ઓરડામાં તેના પલંગ નીચે મૂકી આવ.''

સવાર પડી એટલે રાજાએ ટીડા જોશીને બોલાવ્યો. ટીડા જોશી તો ઢોંગ કરી એક બે સાચા ખોટા શ્લોક બોલ્યા અને પછી આંગળીના વેઢા ગણી હોઠ ફફડાવી, લાંબું ટીપણું ઉખેળી બોલ્યા : ''રાજા ! રાણીનો હાર ક્યાંઈ ખોવાયો નથી. તપાસ કરાવો. રાણીના ઓરડામાં જ તેના પલંગ નીચે હાર છે એમ મારા જોશમાં આવે છે.''

તપાસ કરાવતાં હાર પલંગ તળેથી જ મળ્યો. ટીડા ઉપર રાજા ખુશી થયો અને તેને સારું ઈનામ આપ્યું.

રાજાએ એક વાર ટીડા જોશીની વધારે પરીક્ષા કરવા એક યુક્તિ રચી.

ટીડા જોશીને લઈને રાજા એક વાર જંગલમાં ગયો. જોશીની નજર બીજે હતી એટલામાં રાજાએ પોતાની

મૂઠીમાં એક ટીડ્ડું પકડી લીધું, ને પછી મૂઠી બતાવી ટીડાને કહ્યું : કહો, ટીડાજી ! આ મૂઠીમાં શું છે ? જોજો, ખોટું પડશે તો માર્યા જશો !''

ટીડા જોશી હવે પૂરા ગભરાયા. તેમણે વિચાર કર્યો કે હવે ભરમ ઉઘાડો થશે. હવે જરૂર રાજા મારશે. ગભરાઈને પોતાના જોશ સંબંધેની સઘળી હકીકત રાજાને કહી દેવા અને માફી માગવા માટે બોલ્યા :---

''ટપટપ કરતાં તેર જ ગણ્યા,
વાટે આવતાં ઘોરી મળ્યા;
નીંદરડીએ આપ્યો હાર,
કાં રાજા ટીડાને માર ?''

ટીડા જોશી જ્યાં ''કાં રાજા ટીડાને માર ?'' એમ બોલ્યા ત્યાં તો રાજાના મનમાં થયું કે જોશી મહારાજ તો ખરેખરા સાચા જોશી છે. રાજાએ પોતાના હાથમાંથી ટીડ્ડું ઉડાડી કહ્યું : ''વાહ, જોશીજી ! તમે તો મારા હાથમાં ટીડ્ડું હતું તે પણ જાણી ગયા !''

ટીડા જોશી મનમાં સમજી ગયા કે આ તો મરતાં મરતાં બચ્યા ને સાચા જોશી ઠર્યા !

પછી રાજાએ જોશીને મોટું ઈનામ આપ્યું અને તેમને વિદાય કર્યા.

સૂપડકના રાજાની વાર્તા

એક હતો રાજા. તે એક વાર શિકારે ગયો. શિકાર પાછળ બહુ દૂર નીકળી ગયો પણ શિકાર હાથ લાગ્યો નહિ. સાંજ પડી જવા આવી અને ભૂખ પણ બહુ લાગી. રાજા રસ્તો ભૂલ્યો હતો એટલે ગામમાં જઈ શકાય એવું ન હતું, તેથી એક વડલા નીચે ભૂખનો વિચાર કરતો બેઠો. એટલામાં વડલા ઉપર તેણે એક ચકી ને એક ચકો જોયાં. ભૂખ બહુ લાગી હતી. એટલે તેણે તેને મારીને ખાઈ જવાનો વિચાર કર્યો.

ચકલાંઓ બિચારાં માળામાં શાંતિથી બેઠાં હતાં, ત્યાંથી તેમને પકડી ગળાં મરડી નાખી શેકીને રાજા તો ખાઈ ગયો.

રાજાને તો આથી મોટું પાપ લાગ્યું, અને તેથી તરત જ રાજાના કાન સૂપડા જેવા થઈ ગયા.

રાજા તો વિચારમાં પડયો કે હવે તે કરવું શું? એ તો રાત્રે ગુપચુપ રાજમહેલમાં પેસી ગયો અને પ્રધાનને બોલાવીને બધી વાત કહી : ''જાઓ, પ્રધાનજી! તમે કોઈને આ વાત કહેશો નહિ. અને કોઈને અહીં સાતમે માળે આવવા ય દેશો નહિ.''

પ્રધાન કહે : ''ઠીક.''

પ્રધાને કોઈને વાત કહી નહિ.

એટલામાં રાજાને હજામત કરાવવાનો દિવસ આવ્યો એટલે રાજાએ કહ્યું : ''માત્ર હજામને આવવા દો.''

માત્ર હજામ એકલો જ સાતમે માળ પહોંચ્યો. હજામ તો રાજાના સૂપડા જેવા કાન જોઈ વિચારમાં પડી ગયો !

રાજા કહે : ''એલા ધનિયા ! જો કોઈને મારા કાનની વાત કરી છે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ ! જીવતો નહિ જવા દઉં, સમજ્યો ?''

હજામ હાથ જોડીને કહે : ''હો, બાપુ ! હું તે કોઈને કહું ?''

પણ હજામની જાત કહેવાય ના ? એટલે વાત પેટમાં ખદબદવા લાગી. ધનિયો આઘો જાય, પાછો જાય

અને કોઈને વાત કરવાનો વિચાર કરે. પછી એ તો દિશાએ જવા ગયો. વાત તો પેટમાં ઉછાળા મારે અને મોઢેથી નીકળું નીકળું થાય. છેવટે હજામે જંગલમાં એક લાકડું પડયું હતું તેને વાત કહી.

''રાજા સુપડકન્નો,
રાજા સુપડકન્નો.''

લાકડું આ વાત સાંભળી ગયું એટલે તે બોલવા લાગ્યું :

''રાજા સુપડકન્નો,
રાજા સુપડકન્નો.''

ત્યાં એક સુતાર આવ્યો. સુતાર લાકડાંને આમ બોલતું જોઈને વિચારમાં પડયો. તેણે વિચાર કર્યો : ''લાવ ને આ લાકડાનાં વાજિંત્રો બનાવું અને રાજાને ભેટ ધરું. એટલે રાજા ખુશી તો થાય.''

પછી સુતારે તો એ લાકડાંમાંથી એક તબલું, એક સારંગી અને એક ઢોલકી બનાવ્યાં. સુતાર રાજાને એ નવાં વાજિંત્રો ભેટ દેવા ગયો ત્યારે રાજાએ કહેવરાવ્યું : ''મહેલમાં નીચે બેઠાં બેઠાં સંભળાવો.''

સુતારે વાંજિંત્રો મુકયાં એટલે તબલું વાગવા લાગ્યું :--

''રાજા સુપડકન્નો,
રાજા સુપડકન્નો.''

ત્યાં તો સારંગી ઝીણે સૂરે લલકારવા લાગી :

''તને કોણે કીધું ?
તને કોણે કીધું ?''

એટલે ઢોલકી ઊંચીનીચી થઈ ઢબક ઢબક બોલવા લાગી :

''ધનિયા હજામે !
ધનિયા હજામે !''

રાજા આ વાત સમજી ગયો. એટલે સુતારને ઈનામ આપી વાજિંત્રો રાખી લઈ ભરમ ખુલ્લો ન પડે તેમ તેને રવાના કર્યો. પછી ધનિયા હજામને બોલાવ્યો ને પૂછ્યું : ''બોલ ધનિયા ! તેં કોઈને વાત કહી છે ?''

ધનિયો કહે : ''શા'બ ! કોઈને નથી કહી. પણ વાત પેટમાં બહુ ખદબદતી હતી એટલે એક લાકડાંને કહી છે.''

પછી રાજાએ ધનિયાને કાઢી મૂક્યો ને વાળંદ જેવી જાતને આ વાતની ખબર પડવા દીધી તે માટે પોતે પસ્તાવો કરવા લાગ્યો.

ખડબડ ખડબડ ખોદત હે

એક હતો બ્રાહ્મણ. તે બહુ જ ગરીબ. એક વાર તેની વહુએ કહ્યું : ''હવે તો તમે કાંઈક કામધંધો કરો તો સારું, છોકરાં હવે તો કોઈ કોઈ વાર ભૂખે મરે છે?''

બ્રાહ્મણ કહે : ''પણ કરું શું ? મને કંઈ પણ આવડતું નથી. તું કાંઈક બતાવ તો ઠીક.''

બ્રાહ્મણી ભણેલી ને ડાહી હતી. તેણે કહ્યું : ''લ્યો આ એક શ્લોક હું તમને મોઢે કરાવું છું, તે જઈને કોઈ રાજા પાસે સંભળાવજો એટલે તે તમને થોડાઘણા પૈસા જરૂર આપશે. શ્લોક ભૂલી જશો નહિ.''

બ્રાહ્મણીએ તો બ્રાહ્મણને શ્લોક મોઢે કરાવ્યો. અને તે બોલતો બોલતો બ્રાહ્મણ પરદેશ ચાલ્યો.

રસ્તામાં એક નદી આવી. ત્યાં બ્રાહ્મણ નહાવાધોવા અને ભાતું ખાવા ખોટી થયો. નહાવાધોવામાં રોકાયો, ત્યાં વહુએ શીખવેલો શ્લોક ભૂલી ગયો. બ્રાહ્મણ શ્લોક સંભારતો બેઠો, પણ કશુંય સાંભરે નહિ એટલામાં તેણે એક જળકૂકડીને નદીકાંઠે ખોદતી જોઈ. શ્લોક સંભારતાં સંભારતા એણે જળકૂકડીને ખોદતી જોઈ એટલે તેના મનમાં એક નવું ચરણ સ્ફૂર્યું. તે બોલવા લાગ્યો :

''ખડબડ ખડબડ ખોદત હે.''

બ્રાહ્મણ ઉપર પ્રમાણે 'ખડબડ ખડબડ ખોદત હે'

એમ બોલવા લાગ્યો એટલે તેના અવાજથી કૂકડી લાંબી ડોક કરી ચારેકોર જોવા લાગી. એટલે વળી બ્રાહ્મણના મનમાં બીજું ચરણ સ્ફૂર્યું, ને તે બોલ્યો :

''લાંબી ડોકે જોવત હે.''

બ્રાહ્મણ બીજીવાર બોલ્યો એટલે કૂકડી બીકથી છાનીમાની લપાઈને બેસી ગઈ. આ જોઈ બ્રાહ્મણના મનમાં ત્રીજું ચરણ આવ્યું. તે બોલ્યો :

''કૂકડમૂકડ બેઠત હે.''

બ્રાહ્મણ આમ બોલ્યો એટલે કૂકડી તો દોટ મૂકીને પાણીમાં જતી રહી. આ જોઈ બ્રાહ્મણના હૃદયમાં ચોથું ચરણ ઊપજ્યું અને તે બોલ્યો :

''ધડબડ ધડબડ દોડત હે.''

બ્રાહ્મણ તો એક શ્લોક ભૂલી ગયો પણ તેને બીજો શ્લોક હાથ લાગી ગયો. તે તો જાણે આ જ શ્લોક પોતાને

શીખવ્યો હતો એમ માનીને આમ બોલતો બોલતો આગળ ચાલ્યો :

''ખડબડ ખડબડ ખોદત હે,
લાંબી ડોકે જોવત હે;
કૂકડમૂકડ બેઠત હે,
ઘડબડ ઘડબડ દોડત હે.''

ચાલતાં ચાલતાં એક શહેર આવ્યું. એ શહેરના રાજાની કચેરીમાં તે ગયો અને સભા વચ્ચે જઈ ને બોલ્યો :

''ખડબડ ખડબડ ખોદત હે,
લાંબી ડોકે જોવત હે;
કૂકડમૂકડ બેઠત હે,
ઘડબડ ઘડબડ દોડત હે.''

રાજાએ તો આ વિચિત્ર અને નવો શ્લોક ઉતારી લીધો. રાજા કે કચેરીમાંથી બીજું કોઈ શ્લોકનો અર્થ કરી શક્યું નહિ.

પછી રાજાએ બ્રાહ્મણને કહ્યું : 'મહારાજ બેચાર દિવસ પછી પાછા કચેરીમાં આવજો. હમણાં રાજનાં સીધાંપાણી ખાઓ અને સુખેથી રહો. તમને તમારા શ્લોકનો જવાબ પછી આપીશું.''

રાજાએ બ્રાહ્મણનો શ્લોક પોતાના સૂવાના ઓરડામાં લખાવ્યો. રાજા શ્લોકનો અર્થ વિચારવા રોજ રાતના બાર વાગે ઊઠે ને નિરાંતે એકાંતે શ્લોકનું ચરણ બોલતો જાય અને એના અર્થનો વિચાર કરતા જાય.

એક રાત્રિએ ચાર ચોર રાજાના મહેલમાં ચોરી કરવા નીકળ્યા. તેઓ રાજાના મહેલ પાસે જઈને ખોદવા લાગ્યા. બરાબર રાતના બાર વાગ્યા હતા અને રાજા આ વખતે શ્લોકના પહેલા ચરણનો વિચાર કરતો હતો. પેલા ચોરો ખોદતા હતા તેમને કાને રાજાનો બોલ આવ્યો :

''ખડબડ ખડબડ ખોદત હૈ.''

ચોરોએ મનમાં વિચાર કર્યો કે રાજા જાગે છે અને ખોદવાનો ખડબડાટ સાંભળે છે. તેથી ચોરોમાંથી એક જણ રાજાની બારીએ ચડયો અને રાજા જાગે છે કે નહિ તે બાબતમાં ખાતરી કરવા લાંબી ડોક કરી ઓરડામાં જોવા લાગ્યો. ત્યાં તો રાજા બીજુ ચરણ બોલ્યા :

''લાંબી ડોકે જોવત હૈ.''

આ સાંભળી જે ચોર બારીમાંથી જોતો હતો તેને ખાતરી થઈ કે રાજા જાગે છે; એટલું જ નહિ પણ તેને બારીમાંથી ડોક લંબાવીને જોતાં પણ જોયો છે.

તે એકદમ નીચે ઊતરી ગયો અને બીજાઓને

છાનામાના બેસી જવાની નિશાની કરી. બધાય છાનામાના ઓડવાઈને બેસી ગયા. ત્યાં તો વળી રાજા ત્રીજું ચરણ બોલ્યો :

''કૂકડમૂકડ બેઠત હૈ.''

ચોરોના મનમાં થયું કે હવે ભાગો ! રાજા આ બધું જાણે છે અને જુએ પણ છે. હવે જરૂર પકડાઈ જશું અને માર્યા જશું. તેઓ બીકના માર્યા એકદમ દોડયા. ત્યાં તો રાજાએ ચોથા ચરણનો ઉચ્ચર કર્યો :

''ઘડબડ ઘડબડ દોડત હૈ.''

હવે ચોરો તો હતા રાજાના દરવાનો. તેઓ જ રાજાના ચોકીદારો હતા. તેમની દાનત બગડેલી તેથી ચોરી કરવાનો તેમને વિચાર થયેલો.

ચોરો ઘેર તો ભાગી ગયા પણ બીજે દિવસે કચેરી ભરાઈ ત્યારે રાજાની સલામીએ ન ગયા. તેમના મનને ચોક્કસ લાગ્યું હતું કે નક્કી રાજાજી બધું જાણી ગયા અને પોતાને ઓળખી લીધા છે.

દરવાનોને સલામે ન આવેલા જોઈને રાજાએ પૂછયું : ''આજે દરવાનો સલામે કેમ નથી આવ્યા ? ઘરે કોઈ સાજુંમાદું તો નથી થયું ના ?''

રાજાએ બીજા સિપાઈઓને દરાવાનોને તેડવા મોકલ્યા. કચેરીમાં દરવાનો આવ્યા અને સલામ કરી ઊભા રહ્યા.

રાજાએ પૂછ્યું : ''બોલો, તમે આજે કચેરીમાં કેમ નહોતા આવ્યા ?''

પેલા દરવાનો ધ્રૂજવા લાગ્યા. તેમના મનને તો ખાતરી જ હતી કે રાજા બધી વાત જાણી ગયેલ છે. ખોટું બોલશું તો વધારે માર્યા જશું એમ ધારી તેમણે રાતે બનેલી બધી વાત કહી દીધી.

રાજા તો આ બધું સાંભળી વિસ્મય પામ્યો. તેને થયું કે આ તો પેલા બ્રાહ્મણના શ્લોકનો પ્રતાપ: શ્લોક તો ભારે ચમત્કારી ! બ્રાહ્મણ ઉપર રાજા ઘણો ખુશી ખુશી થઈ ગયો. તેણે બ્રાહ્મણને બોલાવ્યો અને તેને સારું ઈનામ આપી વિદાય કર્યો.

બ્રાહ્મણને સારો એવો સરપાવ મળ્યો એટલે શ્લોકનો અર્થ કહેવડાવવાની પંચાતમાં પડ્યા વિના સિધો તે ઘરભેગો થઈ ગયો, ને ખાધું પીધું ને મોજ કરી.



રળો ગાઢવી

ભારણિયું નામનું નાનું એવું ગામડું હતું. એમાં સાતઆઠ ભાયાતો રહે. નીપજ ખાય ને પડયા રહે.

એમાં એક ગઢવી રહે. એનું નામ રળો. પણ રળાને કોઈની સાથે બને નહિ. રળો આડાબોલો. કોઈ કાંઈ બોલે તો રળો તડ આડું વેણ નાખે ને સામાને તોડી નાખે.

ભાયાતો પાસે ભેંશો ઘણી હતી. આ રળા પાસે એકેય ભેંશ નહિ, પણ એક પાડો ખરો. મોટો બધો પાડો. પાડાને ગળે એક ટોકરો બાંધેલો. પાડો ચાલે ત્યારે ટોકરો ટણટણ વાગે.

રોજ સવારે ભાયોતોની ભેંશોનું ખાડું આઢે એટલે પાછળ તુરત રળો પોતાનો પાડો અઢાવે ને બોલે :—

''ટણન્ ટોકરો વાગે છે.
ને રળાનું ખાડું આઢે છે.''

એમ કરતાં કરતાં ઘણા દિવસો ગયા. ગામ તો જાણે કે આખું ખાડું રળાનું હશે માટે રળો બોલે છે :

''ટણન્ ટોકરો વાગે છે.
ને રળાનું ખાડું આઢે છે.''

ભાયાતોને એની ખબર પડી. એ તો ખિજાયા. બધા કહે : ''લે! આ તો પોતે માલવાળો કે'વડાવે છે. બાંડી ભેંશ તો પાસે છે નહિ ને શું જોઈને બોલતો હશે કે —



''ટણન્ ટોકરો વાગે છે.
ને રળાનું ખાડું આઢે છે.''

એક મોટો પાડો છે ને એને ટોકરો બાંધ્યો છે એમાં તો ફાટ્યો લાગે છે ! ઠીક છે, એક દિવસ વાત છે એની !

લાગ જોઈને ભાયાતોએ તો રળાનો પાડો મારી નાખ્યો. બધા કહે : ''કાશ ગઈ !''

રળો હતો પહોંચેલો. વાત પોતે પી ગયો. મનમાં કહે : ''ઠીક છે; કો'ક દિવસ લાગ આવે ત્યારે વાત !''

એણે તો પાડાનું આખુંય ચામડું ઢેઢ પાસે ઉતરાવ્યું ને ચમાર પાસે સાફ કરાવીને સંકેલીને માથે ઉપાડીને ચાલ્યો.

ચાલતો ચાલતો એક મોટા જંગલમાં ગયો. ત્યાં

એક વડ હતો. એનું નામ ચોરવડલો. ચોર બધા ચોરી કરીને ત્યાં આવે ને ભાગ પાડે. રળો તો વડલા ઉપર ચડીને બેઠો; ડાળ ઉપર ચામડું ટાંગ્યું.

બાર, ઉપર બે વાગ્યાં ત્યાં તો ચાર ચોર આવ્યા. કોઈ નગરશેઠની હવેલી ફાડીને મોટી ચોરી કરીને આવેલા.

ચોર તો ચોરીનો ભાગ પાડવા બેઠા. એક ચોર કહે : ''એલા કોઈ છાનું માનું રાખશે તેના ઉપર ઊંચેથી આભ તૂટી પડશે.''

ભાગ પાડતાં પાડતાં એક ચોરે જરા કંઈક પાછળ સંતાડયું; રળે એ જોયું. રળે તો ઉપરથી ચામડું ફેંકયું તે કડુડુડુ ભુસ !

ચોર કહે : ''એલા ભાગો, આ તો કડકડતી વીજળી પડી.''

ચોર તો ભડકીને ભાગ્યા. પાછું વળીને ય જોયું નહિ. પછી નિરાંતે રળો હેઠો ઊતર્યો ને બધી માયા લઈને ઘેર આવ્યો.

કૂબાનું બારણું દઈને રળો રૂપિયા ગણે. એના એ ભરે ને ઠલવે. ખણખણાટ સાંભળીને આડોશીપાડોશી કહે : ''એલા આ રળા પાસે એક રાતી પાઈ નો'તી ને આટલો પૈસાદાર કયાંથી થયો ?''

બધા કહે : ''રળા ગઢવી ! આ કમાણી ક્યાંથી કરી લાવ્યા ?''

રળો કહે : ''એ તો પેલું પાડાનું ચામડું વેચ્યું, તે એના પૈસા આવ્યા છે. ઓહોહો, ચામડાની કાંઈ ખપત ! એ તો વાત પૂછો મા. મારે તો એક જ પાડો હતો, તે માંડ આટલા રૂપિયા આવ્યા. ઘણા બધા હોત ના, તો એક લાખ રૂપિયા આવત !''

ભાયાતોને ખબર પડી. ભાયાતો કહે : ''ત્યારે ચાલોને એલા આપણે ય રળાની જેમ રળીએ !''

ભાયાતોએ તો પોતાની બધી ભેંશો મારી નાખી, ચામડાં ઉતરાવ્યાં, સાફ કરાવ્યાં ને માથે મૂકી ચાલ્યા વેચવા ''લ્યો...કોઈ ચામડાં લ્યો...કોઈ ચામડાં !''

પણ એટલા બધાં ચામડાં કોણ લે ? બે પાંચ ચામડાં ખપ્યાં ને પાંચદસ રૂપિયા આવ્યા. ચામડાંના લાખ રૂપિયા તે કોણ આપતુ'તું ?

સાંજ પડી એટલે ભાયાતો એકઠા થયા. બધા કહે : ''એલા રળાએ તો આપણને છેતર્યા ! ઠીક છે, કો'ક દિવસ.''

થોડાક દિવસો ગયા એટલે ભાયાતોએ ભેગા થઈ રળાનો કૂબો બાળી નાખ્યો.

રળો કહે : ''ઠીક છે. મારો તો તમે કૂબો બાળ્યો. પણ હું બધાનાં ઘર ન બળાવું તો રળો ગઢવી નહિ !''

રળાએ તો કૂબાની રાખ ભેગી કરી. એક પોઠિયાને માથે કોથળો ભરીને નાખ્યો, ને પાલીતાણે સંઘ જતા હતો એની સાથે ભળી ગયો.

સંઘમાં એક ઘરડી ડોશી બિચારી ચાલી ન શકે. ડોશી પાસે ધન ઘણું બધું.

રળાનો પોઠિયો જોઈને ડોશી કહે : ''ભાઈ! આ પોઠિયા ઉપર બેસારીશ?''

રળો કહે : ''હા, બેસાડું તો ખરો. પણ આમાં મારું ધન ભર્યું છે, તે માડી! જો તમે વાસરશો તો બધું રાખ થઈ જશે. જો વાસરો નહિ તો બેસવા દઉં.''

ડોશી કહે : ''ભાઈ! નહિ વાસરું.''

ચાલતાં ચાલતાં પાલીતાણા આવ્યું ને ડોશીમા પોઠિયેથી નીચે ઉતર્યાં.

રળો કહે : ''ઊભાં રહો, ડોશીમા! મારું ધન જોઈ લેવા દો.

પોઠમાં તો રાખ જ હતી ના? જુઓ તો રાખ દેખાઈ રળો કહે : ''ડોશીમા! આમાં તો રાખ છે. તમે વાસર્યાં હતાં કે?''

ડોશી હતાં સાચકલાં. બિચારાં કહે : ''હંઅં ભાઈ! જરા વા છૂટયો તો હતો.''

રળો કહે : ''ત્યારે માડી! તમારું ધન હવે આપી દેવું પડશે.''

રળો તો ડોશીનું ધન લઈને પાછો આવ્યો. રાત પડી છે. ભાઈ તો વળી રૂપિયા ખખડાવવા માંડયાં.

બધા કહે : ''એલા! પાછો આ રૂપિયા ક્યાંથી લાવ્યો?''

રળો કહે : ''મારી કૂબાની રાખ હતી ના, તે વેચી નાખી. એના આ રૂપિયા આવ્યા. મારે કાંઈ મોટાં ઘર થોડાં જ હતાં તે વધારે રાખ થાય? નહિતર તો એક લાખ રૂપિયા આવત!''

ભાયાતો કહે : ''ચાલોને આપણે ય રળા જેમ કરીએ! એ પૈસાદાર થઈ જાય ને આપણે શાના રહી જઈએ?''

ભાયાતોએ ભેગા થઈને પોતાનાં ઘર બાળી નાખ્યાં. એની રાખના તો મોટા ઢગલાના ઢગલા થઈ પડયા!

ભાયાતો તો રાખના સૂંડલા ઉપાડીને બજારે વેચવા ચાલ્યા. ''લેવી છે.....કોઈને રાખ ?''

ગામના માણસો કહે : રાખને તમારે માથે ચોળો. રાખને કોણ લેતુ'તું !''

બધા વીલે મોઢે ઘેર આવ્યા.

બધા કહે : ''આ રળાએ તો માળે છેતર્યા !''

રળે તો મોટાં ઘર ચણાવ્યાં. ઘણી બધી ભેંશો લીધી, એક પાડો રાખ્યો ને એને ગળે ટોકરો બાંધ્યો.

પછી તો પોતાની ભેંશો અઢાવે ને સાથે પોતાનો પાડો અઢાવે ને બોલે :--

''ટણન્ ટોકરો વાગે છે.
ને રળાનું ખાડું આઢે છે.
ટણન્ ટોકરો વાગે છે.
ને રળાનું ખાડું આઢે છે.''



મોર અને ઢેલ

એક હતો મોર અને એક હતી ઢેલ. બેઉ જણાં ચરતાં હતાં. ત્યાં એક ખેરો આવ્યો. ખેરાને જોઈને ઢેલ કહે :--

''હું વિયાઉં જાળામાં,
મારે કોની બીક;
મોર તો ઘણો રૂપાળો,
પણ ખેરો મારે ઠીક.''

એમ કહી ઢેલ તો ખેરા સાથે ચાલી નીકળી.

મોર તો ખૂબ ખિજાઈ ગયો.

મોર કહે : ''પંખજાત ભેળી કરું અને દાદ માગું.''

મોર તો ચાલ્યો.

મારગમાં એક લલેડું મળ્યું. લલેડું કહે :

"મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ?"

મોર કહે : "આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. આવો છો ને ?"

લલેડું કહે :--

"અમે વલવલ કર્યા કરીએ,
ભૂરો અમારો વાન;
આ ઢેલ ગઈ છે ખેરાને
તે દીનું કોણે ખાધું છે ધાન ?"

એમ કહી લલેડું તો ન આવ્યું.

મોર તો આઘેરોક ચાલ્યો ત્યાં સુઘરો મળ્યો. સુઘરો કહે : "મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ?"

મોર કહે "આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે તમે ય સાથે આવો છો ને ?

સુઘરો કહે :--

"અમે સુઘરા કહેવાઈએ,
અમારી જેવું કેણે ય ન થાય;
ઘરની બાયડી જાપતામાં રાખીએ
તો બીજાને શું જાય ?

એટલે હું તો કાંઈ આવતો નથી." મોર તો બિચારો વીલે મોઢે આગળ ચાલ્યો. રસ્તામાં તેતર મળ્યું. તેતર કહે : "મોરભાઈ, મોરભાઈ ! ક્યાં ચાલ્યા ?"

મોર કહે : ''આ ઢેલ ખેરાને લઈને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે. તમે કજિયો પતાવવા આવો છો ને?''

તેતર કહે :--

''અમે તેતર કહેવાઈએ,
અમારી ડોકે મગન;
મોરભાઈ! હું કંઈ નવરો નથી,
મારે દીકરાનાં આવ્યાં છે લગન.''

મોરભાઈ તો ત્યાંથી બગલાભાઈ પાસે પહોંચ્યા બગલો કહે : ''કાં, મોરભાઈ! ક્યાં ચાલ્યા?''

મોર કહે : ''આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત ભેળી કરવી છે ભાઈ! જરા આવી જશો?''

બગલો કહે :--

''અમે બગલા કહેવાઈએ
અમારી ડોકે વાંક;
તમારા કજિયામાં તમે સમજો,
અમે કજિયાના રાંક.''

મોર કહે : ''ચાલ ને હવે બાજ પાસે જાઉં. એક કજિયો પતાવશે.''

ત્યાં તો રસ્તામાં જ બાજ મળ્યો.

બાજ કહે : ''મોરભાઈ, મોરભાઈ ક્યાં ચાલ્યા?

મોર કહે : ''આ ઢેલ ખેરાને ગઈ છે તે પંખજાત

ભેળી કરવી છે. માળું કોઈ આવતું નથી. બાજભાઈ! તમે આવશો?''

બાજ કહે :--

''અમે બાજ કહેવાઈએ,
મારું માથું બોડું;
પંખજાત સરકાર રજા આપે
તો ખેરાનું માથું તોડું.''

મોર તો રાજી રાજી થઈ ગયો. મોર બાજને લઈને તેતર, લલેડું, બધાં પાસે ગયો.

પંખજાતની નાત ભેળી થઈ. બાજને બધાંએ હુકમ કર્યો એટલે બાજે ખેરાને કાન પકડીને હાજર કર્યો.

બધા કહે : ''એલા ખેરા! આ મોરને એની ઢેલ આપી દે.''

ખેરો કહે : ''ઉંહું!''

બધાં કહે : ''બાજ! આ મોરને એની ઢેલ અપાવી દે.''

બાજ કહે :--

''હું બાજ કહેવાઉં;
મારું માથું બોડું;
ઢેલ આપી દે મોરને
નહિતર તારું માથું ફોડું.''

એમ કહી બાજ તો ખેરા વાંસે દોડ્યો.

ખેરો કહે : ''ભાઈશા'બ ! લે હું ઢેલ આપી દઉં છું.''

પછી તો ---

નાત બધી ઘેર ગઈ.

ને મોરને ઢેલ મળી ગઈ !

આ મનો મંગોલો લલ્લી રે લલ્લી

એક હતો રાજા. એને હતી ત્રણ રાણીઓ. રાજાનાં નસીબ એવાં કે ત્રણે ય તોતડી. રાજાએ ચોથી રાણી પરણવાનો વિચાર કર્યો.

સારું ઘર જોઈને રાજાએ વેવિશાળ કર્યું. કોઈએ રાજાની પાસે કન્યાનાં વખાણ કરેલાં કે કન્યા તો રૂડીરૂપાળી છે અને બહુ મીઠાબોલી છે. રાજાના મનમાં પરણવાનો હરખ તો માતો ય ન હતો.

રાજા પરણવા ચાલ્યો. કન્યા તોતડી હતી પણ કન્યાનાં માબાપ લુચ્ચાં હતાં. તેમણે પહેલેથી જ કન્યાને શીખવી રાખ્યું હતું કે રાજા ગમે તેમ કરે પણ એકેય શબ્દ બોલવો નહિ.

રાજાજી પરણી કરી ઘેર આવ્યા. પછી નવી રાણીને મહેલે ગયા. રાજા તો મનમાં મલકાતા હતા કે નવી રાણી મીઠું મીઠું બોલશે અને મનને રાજી કરશે. પણ રાજા હતો નસીબનો બળિયો.

નવી રાણી તો મૂંગા જ ઊભાં રહ્યાં! રાજાએ ઘણું ય કર્યું પણ બોલે જ શાનાં? જાણે હોઠ જ સીવી લીધા!

રાજા મનમાં કહે : ''આ તો ઊલમાંથી ચૂલમાં પડયા. તોતડીને મૂકીને બોલકીને લેવા નીકળ્યા ત્યાં વળી મૂંગું બોતડું વળગ્યું!''

રાજા ઘણો નિરાશ થઈ ગયો.

એક વાર એ ચોથી રાણી વાડામાં છાણાં લેવા ગઈ. ત્યાં તેને મંકોડો કરડ્યો. મંકોડો એવો તો કરડ્યો કે રાણીથી એકદમ બૂમ પડાઈ ગઈ : ''મા ! મને મંતોલે તલ્લી રે તલ્લી !''

રાજા ગોખે બેઠા હતા તે આ જોઈ ગયા અને સાંભળી ગયા. તે સમજી ગયા કે ચોથી રાણી પણ તોતડી છે.

રાજાએ ચારે રાણીઓ તોતડી છે તે વાત છાની રાખેલી. કોઈને પોતે જણાવે નહિ. પરંતુ લવાને આ બાબતમાં કંઈક વહેમ પડ્યો. તેણે વાત જાણવા ખાનગીમાં પૂછ્યું : ''રાજાજી ! આપની રાણીઓ તોતડી છે એમ ગામ કહે છે, એ સાચું છે ?''

રાજા કહે : ''લવા ! તારું કહેવું સાવ જૂઠું છે.''

લવો કહે : ''મને તમે જમવા તેડો તો સાબિત કરી આપું.''

પછી રાજાએ તો લવાને પોતાને ત્યાં જમવા બોલાવ્યો. બધી રાણીઓને કહી રાખ્યું કે કોઈએ જરા પણ બોલવું નહિ.

રાજા અને લવો સામસામા જમવા બેઠા. ભાતભાતની રસોઈઓ બનાવી હતી; એમાં વડીઓ પણ હતી.

લવાએ રાણીઓને બોલાવવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ એકે રાણી બોલી નહિ. છેવટે લવો થાકયો પણ એટલામાં તેને એક યુક્તિ સૂઝી. વડીઓ બહુ જ સુંદર થઈ હતી. વડી ખાતો ખાતો લવો વડીઓનાં ખૂબ વખાણ કરવા લાગ્યો. જ્યારે વડીઓનાં બહુ વખાણ થયાં ત્યારે રાણીઓ મનમાં ને મનમાં ખૂબ ફૂલાઈ.

આ લાગ જોઈ લવાએ પૂછ્યું : ''આ વડીઓ તે કોણે તળી ?''

ત્યાં એક રાણી બોલી : ''એ વઈયો તો મેં તઈયો.'' (આ વડીઓ તો મેં તળીઓ.)



રાજાએ ના કહી હતી તેમ છતાં એક રાણીથી બોલી જવાયું એટલે બીજીએ ડાહી થઈને તેને કહ્યું : ''વાયા'તાં ને બોયાં કેમ ?'' (વાર્યા'તાંને બોલ્યાં કેમ ?)

ત્રીજીના મનમાં થયું કે આ તો બહુ ખોટું થયું. રાજાજીએ તો ચોખ્ખી બોલવાની ના પાડી હતી ને આ બે જણીએ તો બોળી માર્યું ! તેના

મનમાં સહેજ રોષ પણ ભરાયો. પોતે ઠપકો આપતી ને જરા વધારે ડાહી થતી બોલી : ''એ તો બોયાં તો બોયાં, પંય તમે કેમ બોયાં ?'' (એ તો બોલ્યાં તો બોલ્યાં પણ તમે કેમ બોલ્યા ?)

ચોથી રાણીના મનમાં થયું કે આ ત્રણે રાણીઓ મૂરખ છે. રાજાએ ના પાડી હતી છતાં બોલી અને પ્રધાનજી બધું જાણી ગયા. પોતાના મનમાં થોડુંએક અભિમાન પણ આવ્યું. પોતાનો ભેદ વજીરજી જાણી ગયા નથી એમ સમજી તે હરખાઈ ગઈ અને હરખમાં ને હરખમાં તેનાથી બોલી જવાયું : ''હું તો માયે બોયી યે નથી ને ચાયી યે નથી !'' (હું તો મારે બોલી યે નથી ને ચાલી યે નથી.)

રાજા અને વજીર બન્ને જણા ખડખડાટ હસી પડયા !



બોલે તો બે ખાય

એક હતો કાકો ને એક હતો ભત્રીજો. બન્ને જણા એક વાર જજમાનમાં નીકળ્યા. રામપુર જેવું ગામ, જઈને જજમાનમાં ઊતર્યા.

જજમાને તો માનપાન દીધાં ને ગોમહારાજને લાડવા કરવાનું કહ્યું.

કાકાભત્રીજાએ ખાખરા શેકીને ચૂરમું કર્યું, ને લાડવા વાળ્યા ત્યારે પાંચ થયા.

હવે કાકોભત્રીજો વિચાર કરવા લાગ્યા કે ભાગ કેવી રીતે પાડવા? લાડવો ભાંગીને ભાગ પાડવાનું એકેયને ન ગમ્યું.

છેવટે કાકાભત્રીજાએ એમ ઠરાવ્યું કે ''આપણે મૂંગા બેસો. બોલે તે બે ખાય ને ન બોલે તે ત્રણ ખાય.''

કાકોભત્રીજો તો બોલ્યા ચાલ્યા વિનાના લાંબા થઈને સૂતા.

જજમાન આવીને જુએ છે તો કોઈ બોલે કે ચાલે! ઘણુંય બોલાવ્યા પણ કોઈ જવાબ આપે ત્યારે ના?

બધાં કહે : ''કોણ જાણે એરુ બેરુ કરડયો હોય ને મરી ગયા હોય તો!''

જજમાન કહે : ''ત્યારે ચાલો હવે બ્રાહ્મણના દીકરા છે. ઠેકાણે પાડીએ!''

બધા ય વાતો કરતા હતા ને આ કાકોભત્રીજો પડયા પડયા સાંભળતા હતા. મનમાં કહે : ''આ તો ભારે થઈ છે!'' પણ કોણ બોલે? તો તો બે જ લાડવા મળે ના?



ગામનાં માણસો ભેગાં થયાં ને ઠાઠડી તૈયાર કરી. કાકાભત્રીજાને તો કચકચાવીને બાંધ્યા, પણ બેમાંથી એકે ય બોલે તો કે? એ તો જાણે સાચેસાચા મડદાં!

''ઓ.....ઓ.....ઓ!'' કરતા બધા એમને સ્મશાને લઈ ગયા. સ્મશાનમાં ચિતા ખડકીને બેઉ જણને સુવાડયા.

બીજા બધા તો નદીએ નહાવા ગયા હતા; માત્ર પાંચ જણા ત્યાં બાકી હતા.

જજમાને બિચારે પૂળો સળગાવ્યો ને ''ઓ..... ઓ.....? કરીને ચિત્તાને આગ મૂકી.

કાકો મનમાં વિચાર કરે છે : ''બળી મરીએ તો કંઈ નહિ; લાડવા બે નથી ખાવા. ખાવા તો ત્રણ ખાવા, નહિતર કાંઈ નહિ !''

ભત્રીજે વિચાર્યું : ''માર્યા ! આ તો ત્રણ લાડવા ખાવા જતાં સમૂગળા જીવના જઈશું.'' છેવટે ભત્રીજો બોલ્યો : ''એલા ભાગજે ! ત્રણ તારા ને બે મારા.''

એમ કહ્યું ત્યાં તો કાકોભત્રીજો બંને ચિતામાંથી બેઠા થયા. પેલા પાંચે જણા કહે : ''ભાગો એલા ! આ તો ભૂત થયા.''

પાંચે જણા જાય દોડયા !

કાકોભત્રીજો તો દોડતા દોડતા જજમાનના કોઢિયામાં જઈને લાડવા ખાવા બેસી ગયા; ત્રણ કાકાના ને બે ભત્રીજાના !

જજમાન તો ઘેર આવીને જુએ છે તો કાકો ભત્રીજો લાડવા ખાય છે !

''એલા આ શું ?''

''એ તો ત્રણ તારા ને બે મારા !''

તિલોકનું ટીપણું ને બીજો રખેવાળ

એક હતો કણબી. એણે એક ખેતર ખેડ્યું. એમાં એણે જુવાર વાવી. જુવારને તો મોટાં મોટાં કણસલાં આવ્યાં. કણબી કહે : ''હવે એક રખેવાળ રાખીએ. દિવસ આખો ચકલાં ઉડાડશે ને રાતે રખોપું કરશે.''

રખેવાળ તો રાતે રખોપું કરે અને દિવસે ચકલાં ઉડાડે. એમ કરતાં કેટલાયે દિવસો ગયા. એક વાર રાતે ચોર આવ્યા ને રખેવાળને મારીને કણસલાં લઈ ગયા.

ખેડૂતે બીજો રખેવાળ રાખ્યો. બીજા રખેવાળને પણ ચોરોએ માર્યો ને કણસલાં ચોરી ગયા.

ખેડૂત કહે : ''હવે શું કરવું? આ તો મોટી પીડા થઈ. કાંઈક ઉપાય તો કરવો જ જોઈએ.''

ત્યાં તો ખેડૂતને ખેતરપાળ સાંભર્યા.

ખેતરપાળ તો એવા દેવ કે હાજરાહજૂર! સમર્યા

ત્યાં આવીને ઊભા રહ્યા. તે કહે : ''મારા સેવકને શું દુઃખ પડ્યું ?''

ખેડૂત કહે : ''આ મહારાજની કૃપાથી કણસલાં મોટાં થયાં છે, પણ ચોરો રહેવા દે ત્યારે ના ? બે રખેવાળને તો મારી નાખ્યા. બાપા ! કાંઈક કરો તો ઠીક. કાંઈક મારગ દેખાડો.''

ખેતરપાળ કહે : ''હવે આજથી તારે ફિકર નહિ. ખેતરમાં એક માળો બંધાવ ને ઉપર એક વાંસડો બંધાવ. પછી જોજે.''

ખેડૂતે તો દેવે કહ્યું તે પ્રમાણે કર્યું.

સાંજ પડી. દેવ તો ચકલીનું રૂપ લઈને વાંસ ઉપર બેઠા.

મધરાત થઈ ત્યાં ચોર આવ્યા. ચારેકોર ફરવા લાગ્યા ત્યાં ચકલી બોલી :--

''એ ફરતા બરતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોર કહે : ''કોણ બોલ્યું ?''

આમતેમ જોયું તો કોઈ ન દેખાય. ચોર તો કણસલા કાપવા માંડ્યાં ત્યાં ચકલી ફરી વાર બોલી :--

''ઓ કાતરતા વાતરતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોરોએ ચારે તરફ જોયું પણ કાંઈ દેખ્યું નહિ. એમણે તો કણસલાંની ગાંસડી બાંધી. વળી ચકલી બોલી :--

''ઓ બાંધતા વાંધતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોરો ચારેકોર જોવા લાગ્યા. ત્યાં તો તેમણે ચકલીને બોલતી દીઠી. ચકલીને જોઈને એ તો એને પથરેપથરા મારવા લાગ્યા. તો ય ચકલી બોલી :--

''ઓ મારતા બારતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોરોએ તો ચકલીને વાંસડેથી છોડીને નીચે ઉતારી. નીચે ઉતારતાં ઉતારતાં વળી ચકલી કહે :--

''ઓ ઉતારતા બુતારતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોરો ચકલીને ખૂબ ઝપેટવા લાગ્યા. ચકલી વળી બોલી :--

''ઓ ઝપેટતા બપેટતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

પછી તો ચોર એવા ખિજાયા કે ચકલીને કાપવા માંડી. ચકલી તો પણ બોલી :--

''એ કાપતા બાપતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોરે તો દેવતા પાડયો ને ચકલીને શેકવા માંડીરૈં શેકાતા શેકાતા ચકલી બોલી :--

''એ શેકતા બેકતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

પછી તો ચોરો ચકલીને ખાવા બેઠા. જ્યાં ખાવા માટે ચકલીના કટકા મોઢામાં મૂકયા ત્યાં તો વળી ચકલી બોલી :--

''એ ચાવતા બાવતા નખેરા !
તિલોકનું ટીપણું ને ત્રીજો રખેવાળ.''

ચોર કહે : ''આ તો માળું કૌતક ! કાં તો ભૂતબૂત હશે.''

એ તો એવા બીના કે કણસલાં ને પછેડીઓ ને બધું મૂકીને નાસી ગયા. પછી તો ચોર કોઈ દિવસ આવ્યા જ નહિ.

ખેડૂતના ખેતરમાં ખૂબ જુવાર થઈ. પછી ખાધું, પીધું ને મોજ કરી.



ખીલીબાઈની વાર્તા

એક હતી ડોશી. એક વાર એની હથેળીમાં ફોડલો થયો. ફોડલો ફૂટયો ને એમાંથી એક ખિસકોલી નીકળી. ડોશીએ તો ખિસકોલી માટે ઝાડવે ઝોળી બાંધી ને તેમાં ખિસકોલીને સુવાડી. ડોશી ઘરનું કામ કરતાં આમ જાય, તેમ જાય ને ખિસકોલીને હીંચકો નાખે ને હાલરડા ગાય :--

''હાથના લેશું હજાર
પગના લેશું પાંચસે,
નાકના લેશું નવસેં;
તો યે મારી ખીલીબાઈને ઘરમઘોળે દેશું;
સૂ જાવ ખીલીબાઈ ! સૂઈ જાવ.''

પાસેના ગામનો એક રાજા શિકારે નીકળેલો. ડોશીના કૂબા પાસેથી જતાં જતાં તેણે ખીલીબાઈનું હાલરડું સાભળ્યું. રાજાના મનમાં વિચાર થયો : ''આ તે ખિલીબાઈ કેવી હશે? ડોશી આટલા બધા રૂપિયા માગે છે, તે ખીલીબાઈનું રૂપ તો બહુ ભારે હશે!''

રાજાએ તો ખીલીબાઈ સાથે પરણવાનો વિચાર કર્યો. રાજા ડોશી પાસે ગયો ને તેને કહ્યું : ''ડોશી, ડોશી! આ તું શું બોલે છે? ખીલીબાઈ ક્યાં છે? મને તારી દીકરી બતાવ તો ખરી? મારે એને પરણવું છે.''

ડોશી કહે : ''ભાઈ! તમે તો રાજા કહેવાઓ. તમારાથી તે કાંઈ ખિસકોલીને પરણાય? એ તો જનાવર

કહેવાય. હાલરડું તો હું મારી ખિસકોલીબાઈને ગાઉં છું. મારે કોઈ બીજી દીકરી નથી.''

રાજાએ ડોશીનું કહેવું માન્યું નહિ. તેણે કહ્યું : ''ડોશી ! ભલે તમારી ખીલીબાઈ જનાવર રહ્યાં ! હું તો એને જ પરણીશ.''

પછી ડોશી કહે : ''ત્યારે લઈ આવો રૂપિયા. આ મારી ફુલડી ભરાઈ જાય એટલા રૂપિયા મને આપશો તો હું તમને મારી દીકરી પરણાવીશ.''

રાજા તો રૂપિયા લેવા ગયો.

ડોશી હતી લોભી. ઘણા બધા રૂપિયા લેવાની તેણે યુક્તિ કરી. તેણે એક મોટો ખાડો ગાળ્યો; તેના ઉપર એક કોઠી મૂકી; તેના ઉપર એક ગોળો; ગોળા ઉપર એક મોરિયો ને તેના ઉપર ફૂલડી મૂકી. બધાંને નીચેથી કાણાં હતાં.

રાજા આવ્યો. રાજાના માણસો ફુલડી રૂપિયાથી ભરવા માંડયાં, પણ ફૂલડી કેમે કરી ભરાય નહિ ! છેવટે ઘણા રૂપિયા નાખ્યા ત્યારે ફુલડી ભરાઈ.

પછી ડોશીએ ખીલીબાઈને રાજા સાથે પરણાવી. રાજા ખીલીબાઈને પરણીને ઘેર આવ્યો. રાજાએ તો ખીલીબાઈને માટે રૂપાળું સોનાનું પાંજરું કરાવ્યું અને સાતમે માળ ટંગાવ્યું. ત્યાં જવાનો કોઈને હુકમ નહિ. સૌ વિચાર કરવા લાગ્યાં કે રાજા તે કોને પરણી લાવ્યા હશે ?

ખીલીબાઈને તો રોજ સારા સારા દાણા નખાય. ખીલીબાઈ ખાય ને પાંજરામાં કૂદે. રાજા રોજ રોજ સાંજ સવાર ખીલીબાઈને મળવા જાય.

એક વાર પ્રધાને રાણી કોણ છે તે જાણવા વિચાર કર્યો. તેણે પરીક્ષા કરવાનું ધાર્યું ને રાજાને પૂછ્યું : ''રાજાજી, રાજાજી! આપનાં રાણીને કામકાજ આવડે ખરાં?''

રાજાએ કહ્યું : ''હા.''

પ્રધાન કહે : ''તો રાણીજી આ સાળમાંથી અણીશુદ્ધ ચોખા કાઢી આપશે?''

રાજાએ હા કહી, ને ચોખાની સૂંડલી ખિસકોલી પાસે જઈને મૂકી.

ખિસકોલીબાઈ તો સમજી ગયાં. તેણે તો ચાંચે ચાંચે સાળ એવી ફોલી કે એક પણ તૂટી નહિ. એક રાતમાં આખી ટોપલી અણીશુદ્ધ ચોખાથી ભરી દીધી.

સવારે રાજાજી પ્રધાન પાસે ટોપલી લઈ ગયા. પ્રધાન અણીશુદ્ધ ચોખા જોઈ દિંગ જ થઈ ગયા!

પ્રધાનજીએ તો વળી રાણીની પરીક્ષા કરવા કહ્યું : ''રાજાજી ! ત્યારે આપણાં રાણી લીલી ગારમાં ચીતર પાડી દે ખરાં કે ?''

રાજાએ કહ્યું. ''હા. એમાં તે શી મોટી વાત છે ?''

પ્રધાને એક ઓરડામાં ગાર કરાવી ને રાજાજીને કહ્યું : ''હવે રાતમાં રાણીજી ભલે ચીતર પાડી આપે.''

ખિસકોલીબાઈ તો તેની બીજી બેનપણીઓને બોલાવી આવી ને પછી બધી ખિસકોલીઓએ દોડાદોડ કરી મૂકી. સવાર પડી ત્યારે તો ગાર ઉપર સુંદર ચીતર ચિતરાઈ રહ્યાં.

પ્રધાનજી તો સવારે ચીતર જોઈને વિચારમાં પડી ગયાં. તેમણે કહ્યું : ''રાણીજી તો બહુ હોશિયાર !''

પછી એક વાર રાજાને બીજે ગામ જવું પડ્યું. રાજાએ પાંજરામાં દાણાપાણી મૂક્યાં. રાજાજીને પાછા આવતાં વાર થઈને પાંજરામાંથી દાણા પાણી ખૂટી ગયાં. ખીલીબાઈને બહુ તરસ લાગી. પછી તે ગળે કુલડી બાંધી કૂવે પાણી ભરવા ગઈ. કૂવે ઊભી ઊભી પાણી ભરતી હતી ત્યાં ઉપરથી શંકરપાર્વતીનો રથ નીકળ્યો.

શંકર કહે : ''પાર્વતીજી ! આ ખિસકોલી કોણ છે, જાણો છો ?''

પાર્વતી કહે : ''ના જી.''

શંકર કહે : ''એ તો માણસ છે. એને દેવનો શાપ લાગ્યો છે એટલે ખિસકોલીનો અવતાર આવ્યો છે.''

પાર્વતીને દયા આવી ને તેણે શંકરને વિનંતી કરી કે તમે કેમે કરી આ ખિસકોલીને માણસ કરી દો. પછી શંકરે ઉપરથી પાણી છાટયું એટલે ખિસકોલીબાઈ સોળ વરસની સુંદરી થઈ ઊભાં રહ્યાં.

ખિસકોલીબાઈ તો સુંદરી બની રાજાને મહેલે ગયાં. રાજા ઘેર આવ્યો ત્યારે તેને બધી વાતની ખબર પડી. તે બહુ ખુશી થયો.

પછી ખાધું, પીધું ને રાજ કર્યું.

રેંટિયો કહે હું રણશોરી

એક હતી કણબણ. એને એક દિવસ લાડવા ખાવાનું મન થયું. એણે તો લાડવા કર્યા. ત્યાં તો કણબી ખેતરથી આવ્યો ને કહે : ''ઠીક, ચાલ મને શિરાવવા દે.''

કણબણે તો પટેલને અડદની દાળ ને જુવારનો રોટલો શિરામણમાં આપ્યો.

પટેલ કહે : ''આ લાડવા તો લાવ ! એ કોના સારુ મૂક્યા છે ?''

કણબણ કહે : ''એ તો રેંટિયાને નિવેદ કર્યા છે.

''રેંટિયો કહે હું રણશેરી, ત્રાક કહે હું પરમેશરી;
ત્રાગડા નાખું ગણીગણી, ન જમે એક ઘરનો ધણી.''

એમ કહીને કણબણે તો પોતે એકલીએ બધા લાડવા ખાધા.

કણબી કહે : ''આ કણબણે તો ભારે કરી ! ઠીક છે; આપણે પણ કરી બતાવીએ.''

બીજે દિવસે કણબી કહે : આજે મારે હળને નિવેદ કરવાં છે.''

કણબીએ પણ મજાના લાડવા બનાવ્યા.

કણબણને એમ કે એ મને તો આપશે જ ના? એણે તો ઘરમાં પોતા માટે બીજું કાંઈ રાંધ્યું નહિ.

પછી કણબી ખાવા બેઠો. ત્યાં કણબણ કહે : ''મને ય પીરસો ને?''

કણબી કહે : ''લે આધી રહે, આધી. પાસે આવીશ તો મા મારા હળદેવને નિવેદ નહિ પહોંચે!

''હળ કહે હું હળેશરી, ધોંસરું કહે હું પરમેશરી.
નેણ જોતરું ને નાડી, ન જમે છોકરાની માડી;''

એમ કહીને કણબી એકલો લાડવા જમી ગયો ને કણબણ ઠઠી રહી.



શિયાળની વાર્તા

એક હતું શિયાળ, લુચ્ચાનું સરદાર. રોજ એક કણબીના ઝૂંપડામાં પેસે, હાંડલું ફોડે ને અંદરથી ભાત ખાઈ જાય. કેમે કર્યું પકડાય નહિ.

એક વાર ખેડૂત ખેતરે જ ન ગયો. દિવસ આખો ઝાડ પાછળ સંતાઈ રહ્યો.

બપોર થયા એટલે શિયાળ આવ્યું, નળિયાં વરખોળ્યાં. ને ઉપરથી અંદર ગયું; હાડલું ફોડ્યું ને ભાત ખાધા.

ખેડૂત કહે : ''હું; આના જ કામા છે. એક વાર પકડીને પાંશરૂં કરવા દે !''

જ્યાં શિયાળ બહાર જવા જાય ત્યાં ફાંસો નાખી પકડ્યું ને ઝાડની ડાળે ઊંધે માથે લટકાવ્યું.

શિયાળભાઈ તો ઊંધે માથે ઝૂલ્યા !

જતાં જતાં ખેડૂતે ઘરવાળીને કહ્યું : સાંભળ્યું કે ? આજે શિયાળને જ રાંધી ખાવું છે. હમણાં પાછો આવીને કાપું છું.''

શિયાળભાઈના તો હોશકોશ ઊડી ગયા. પણ એણે વિચાર કર્યો : મરવાના તો છીએ જ. જોઈએ કંઈ યુક્તિ કર્યે છૂટાય તો.''

ખેડૂતની ઘરવાળી ધાન ખાંડતી હતી. વારે વારે

સાંબેલું લઈને તે થાકી જવા આવી હતી. લાગ જોઈને શિયાળ કહે : ''બા, બા ! તમે શીદ ને ખાંડો છો ? લ્યો ને હું જ તમને ખાંડી આપું ? મને ખાંડતાં સારું આવડે છે.''

ઘરવાળી ભોળવાઈ. એણે તો શિયાળને છૂટું કર્યું.

શિયાળભાઈ પણ ઠાવકું મોઢું રાખીને ખાંડવા બેઠા. વિચાર કરતા હતા : ''ક્યારે લાગ મળે ને વંડી ઠેકી ભાગું.''

ત્યાં ઘરવાળી કંઈક કામે ઘરમાં ગઈ ને શિયાળ ભાઈ ભાગ્યા. પછી કાંઈ હાથ આવે ? એ તો ગયા તે ગયા. ઠેઠ જંગલમાં પોતાની બખોલમાં પહોંચી ગયા !

ઘરવાળી તો રોવા લાગી : ''હાય હાય ! હવે શું થશે ? સીમમાંથી એ આવશે ને કહેશે કે મારું શિયાળ લાવ, તો હું શું કહીશ ?''

ઘરના એક ઉંદરે રડવું સાંભળ્યું. તે દરમાંથી બહાર આવ્યો ને બોલ્યો : 'બા, બા ! રડો છો શું કામ ? એ શિયાળને હું લઈ આવું, પછી છે કંઈ ?''

બાઈ કહે : ''બાપુ! તો તો તારો પાડ! તો તો તને રોજ દાણા ને એવું એવું ખવરાવીશ.''

ઉંદર કહે : ''તો મારી પૂછડીએ એક ટોપલી બાંધો ને મહીં ખાવાનું મૂકો.''

ઉંદરની પૂંછડીએ બાઈએ એક ટોપલી બાંધી ને અંદર ખાવાનું મૂક્યું;

ઉંદર તો સીમમાં ચાલ્યો. જંગલમાં ફરી ફરીને એણે શિયાળની બખોલ શોધી કાઢી. અંદર શિયાળ પડ્યું હતું.

શિયાળ તો બહાર નીકળે જ નહિ. રખેને ખેડૂત વાંસે આવે ને પકડીને મારે તો? પણ ભાઈને પેટમાં ભૂખ લાગેલી તે ગલૂડિયાં બોલે.

ત્યાં તો ઉંદરભાઈ ટોપલી લઈને બખોલ પાસે આવ્યા. ટોપલીમાં મજાનું ખાવાનું. શિયાળભાઈના મોમાં પાણી આવ્યાં.

જરાક બખોલના મોં આગળ આવીને જુએ તો ઉંદરડો. ''ઓહો, આ તો ઉંદરડો છે.! ચાલ. બહાર જાઉં ને ખાવાનું માગું.''

શિયાળ કહે : ''ઉંદરભાઈ, ઉંદરભાઈ! જરા ખાવાનું આપો ને? ભૂખ લાગી છે.''

ઉંદર કહે : ''એમ કાંઈ મળે? મારું એક કામ કર તો આપું.''

શિયાળ કહે : ''કહે જોઈએ ?''

ઉંદર કહે : ''મારે એક ભારો ખડ જોઈએ છે. તે તારી પીઠ પર મૂકી ઘર સુધી પહોંચાડ.''

શિયાળ કહે : ''ઠીક ત્યારે. એમ કરું.''

શિયાળની પીઠ ઉપર ખડનો ભારો ભરી ઉંદર ને શિયાળ ચાલી નીકળ્યા. મોઢા આગળ ઉંદર ને વાંસે શિયાળ.

આઘેકોર જઈ ઉંદરે બે પથરા શોધ્યા ને બંને ઠબકારીને 'ઠબ ઠબ' કરવા લાગ્યો.

શિયાળ કહે : ''આ શું કરો છો, ઉંદરભાઈ ?''

ઉંદર કહે : ''એ તો ઠબ ઠબ. એમ તો અમે કરીએ.''

થોડી વારમાં તો બે પથરાથી દેવતા પડયો તે ઉંદરે ખડમાં નાખ્યો. ત્યાં તો ખડ હડહડ કરતું સળગ્યું.

શિયાળ કહે : ''આ શું રે ? આ શું રે ?

ઉંદર કહે : ''એ તો હડહડ. એ તો એમ જ હોય. એમ તો અમે કરીએ.''

ખડ બળ્યું ને સાથે શિયાળનો વાંસો પણ બળ્યો. શિયાળ તો રાડો પાડતું પાડતું બખોલમાં પેસી ગયું.

બીજો દિવસ થયો ને ઉંદર વૈદ્ય બનીને ચાલ્યો બખોલ પાસે આવી :--

''દાંત દુખતો મટાડું
વા વાતો મટાડું,
દાઝ પડેલી મટાડું.''

સાંભળીને શિયાળ બહાર આવ્યું કહે : ''ભાઈ દવા આપશો કે ?''

ઉંદર કહે : ''શાની આપું ?''

શિયાળ કહે : ''દાઝયાની; બળ્યાની.''

ઉંદર કહે : લ્યો આ લેપ; લગાડો.''

એમ કહી ઉંદરભાઈએ શિયાળને મરચાનો પિંડો આપ્યો.

શિયાળભાઈએ મરચાં તો લગાડયાં પણ પછી થયું કે હવે ક્યાં જઈશ ?

શિયાળ કહે : ''આ શું રે ? આ શું રે ?

ઉંદર કહે : ''આ તો કાળી લા રે; એ તે કાળી લા રે''

શિયાળ તો બળતું બળતું અંદર ગયું.

શિયાળ કહે : ''હવે આ બખોલમાં તો રહેવું જ નહિ.''

ત્યાંથી ભાગીને શિયાળ તો દરિયાકિનારે ગયું; ઉંદર ગયો પાછળ પાછળ. શિયાળ ભૂખ્યું ભૂખ્યું ટળવળતું હતું.

ઉંદરભાઈ લાકડું કોરવા લાગ્યા.

શિયાળ કહે : ''અરે ઉંદરભાઈ ! કાંઈ ખાવાનું બતાવશો ?''

ઉંદર કહે : ''સામે તીર જઈએ તો મળે, આ હું એટલા માટે વહાણ કરું છું.''

શિયાળ કહે : ''ચાલ ને, ભાઈ ! મને ય શિખવાડ ને ?''

ઉંદર કહે : ''બનાવ પેલા ખડનું.''

શિયાળે ખડનું વહાણ કર્યું ને ઉંદરે લાકડાનું કર્યું.

બંને દરિયામાં ચાલ્યા. થોડેક ગયા ત્યાં તો ખડનું વહાણ ડૂબ્યું ને શિયાળભાઈ પાણી પીવા લાગ્યા. ઉંદરભાઈ તો તરતા જાય ને ડોલતા જાય. એટલામાં તો શિયાળ અધમૂવું થઈ ગયું.

ઉંદરભાઈએ ગળામાં દોરી નાખી પકડી લીધું ને ઢસડીને ઘેર આણ્યું.

પછી ખેડૂતને ઘેર જઈ ધણિયાણીને કહે : ''લ્યો આ શિયાળ. હવે રોશો નહિ.''

કૂતરો ને ચિત્તો

એક હતો કૂતરો ને એક હતો ચિત્તો. બંનેને ભાઈબંધી થઈ.

કૂતરાને ઘર ન મળે એટલે ચિત્તાને ત્યાં રહે. કૂતરો ચિત્તાને ઘેર રહે એટલે ચિત્તો એની પાસે કામ કરાવે ને નોકરની જેમ રાખે.

ચોમાસું આવ્યું.

ચિત્તો કહે : ''કૂતરાભાઈ ! ચાલો તો આપણે રાફડા તપાસીએ ? જોઈએ એમાં આ વખતે કેવીક કીડીઓ ઉભરાઈ છે ?''

બંને રાફડે ગયા. ત્યાં તો એમાં કેટલી ય જીવાત થયેલી.

બંનેએ ખોબા ભરીભરીને જીવાત ઘેર આણી. ચિત્તાની સ્ત્રીએ તેનું મિષ્ટાન્ન બનાવ્યું ને ઘરાઈ ઘરાઈને ખાધું. બાકી વધ્યું એની સૂકવણી કરી.

જમી કરીને ભાઈબંધ બેઠા હતા.

ચિત્તો કહે : ''કૂતરાભાઈ ! મારે આ સૂકવણી મારે સાસરે મોકલવી છે. જરા નાનાં નાનાં ચાર પોટકાં બાંધી લે ને ?''

કૂતરાએ તો ચાર નાનાં પોટલાં બાંધ્યાં.

ચિત્તાભાઈએ તો ઠાઠમાઠ માર્યો. ભાઈશા'બ સાસરે જતા હતા ને ! હાથમાં સારંગી લીધી ને ગાતા ગાતા ચાલ્યા. કૂતરાને કહે : ''તું આ ઊપાડી લે.''

મોઢા આગળ ચિત્તો ને વાંસે કૂતરો.

જે મળે તે પૂછે : ''ક્યાં ચાલ્યા, ચિત્તાભાઈ? ક્યાં ચાલ્યા, કુત્તાભાઈ ?

ચિત્તાભાઈ કહે : ''એ તો મારે સાસરે જઈએ છીએ.

કોઈ કહેશે : ''ચિત્તાભાઈ ! જરા આ સારંગી તો બજાવો ?''

ચિત્તાભાઈ સારંગી વાગાડે ને ગાય :--

''કુત્તાભાઈને માથે, વહુની સૂકવણી;
કુત્તાભાઈને માથે, વહુની સૂકવણી.''

ચિત્તાભાઈ તો ફૂલાતા ફૂલાતા ગાય, પણ કુત્તાભાઈનો જીવ જાય.

કુત્તાભાઈ આખરે ખિજાયા. તે કહે ''ચિત્તાભાઈ ! ''હું જરા નાડાછોડ કરી આવું. તમે ચાલતા થાવ.''

કુત્તાભાઈએ પોટકું ઉઘાડીને બધી સૂકવણી ખાઈ લીધી. પછી મહીં ખડ ભર્યું અને પાછો ઉતાવળો ચાલીને ચિત્તા સાથે થઈ ગયો.

થોડી વાર થઈ એટલે કૂતરો કહે : ''ચિત્તાભાઈ !

મને તમારી સારંગી આપો ને ! મને જરા ગાવા બજાવવાનું મન થયું છે.''



કૂતરે સારંગી હાથમાં લીધી ને ગાયું :--

''મારા સસરા માટે છે.
ખડના ડૂચા આવ્યા છે,
મારા સસરાને માટે છે
ખડના ડૂચા આવ્યા છે !''

ચિત્તાભાઈ કહે : ''વાહ કુત્તાભાઈ ! તમારું ગાયન તો બહુ સુંદર !''

કૂતરો કહે : ''એ તો વળી ભાઈબંધની મહેરબાની છે તે એ સરખું આવડયું. હું તો તમારી પાસેથી જ શીખ્યો છું ના ?''

ચિત્તાભાઈ તો વાજતે ગાજતે સાસરે પહોંચ્યા. સાસરિયાએ સમાચાર પૂછયા, ને ચિત્તાભાઈએ પણ પૂછયા. ચિત્તાભાઈ રહ્યા જમાઈરાજ ! કુત્તાભાઈનો ભાવ કોણ પૂછે ?

સાસુએ હેત કરી જમાઈરાજ ને હોકો આપ્યો.

ચિત્તાભાઈ તો ગુડગુડ કરતા બેઠા. કૂતરાનો કોઈએ ભાવે ન પૂછ્યો.

થોડી વાર થઈ એટલે કૂતરાભાઈ નજર ચૂકવી બહાર નીકળ્યા ને દોટ મૂકી ઘર ભણી ભાગ્યા.

જમાઈરાજ તો હોકલી પીતા પીતા મલકાઈને બોલ્યા : ''આ તમારે માટે મેં સૂકવણી આણી છે. બહુ સરસ છે :''

સાસુજીએ હરખાતાં હરખાતાં ટોપલો ખોલ્યો. સસરાજી ડોલતા ડોલતા જોઈ રહ્યા. ત્યાં તો ટોપલામાં સૂકવણીને બદલે ખડ !

ચિત્તો તો ખડ જોઈને ધૂંવાપૂંવાં થઈ ગયો અને કૂતરાને ખોળવા લાગ્યો પણ કૂતરાભાઈ તો પલાયન થઈ ગયા હતા !

ચિત્તાએ એક ડાહ્યા માણસને પૂછ્યું : ''ભાઈ ! કૂતરાભાઈ કેમ જડે !''

તે કહે : ''ઢોલ વગાડીને નાચ કરો એટલે કૂતરાભાઈ આવશે.''

ચિત્તાએ તો ઢોલ વગાડયા ને નાચ કર્યા. ગાય, ભેંશ, ઘેટાં વગેરે બધાં જનાવરો આવ્યાં પણ કૂતરાભાઈને તો બીક હતી. તે કહે : ''જાઉં તો તો ચિત્તાભાઈ મારી જ ખાઈ ના ?''

બીજો દિવસ થયો. ઘેટાંએ કૂતરાને નાચની વાત કરી. કૂતરાને નાચમાં જવાનું એવું મન થયું, એવું મન થયું, કે ન પૂછો વાત! પણ શું કરે?

ઘેટું કહે : ''હું તો મારી પૂંછડીમાં સંતાડીને લઈ જઈશ. પછી કાંઈ ચિત્તો તને દેખશે?''

વળી બીજો દિવસ થયો ને ઢોલ વાગ્યા ને નાચ શરૂ થયો.

ઘેટાભાઈની પૂંછડીમાં સંતાઈને કુત્તાભાઈ તો ઊપડયા.

ચિત્તો તો કૂતરાભાઈને ચારેકોર શોધે પણ ક્યાંય કૂતરાભાઈ દેખાય નહિ.

ચિત્તાભાઈ નિરાશ થઈ ગયા.

વળી પાછા સાંજે ઢોલ વગાડયા ને નાચ શરૂ કર્યો. ઘેટાની પૂંછડીમાં સંતાઈને વળી કુત્તાભાઈ પણ આવ્યા.

ઢોલ ખૂબ ખૂબ વાગવા માંડયો. નાચ ખૂબ જોરથી થવા લાગ્યો, ને બધાં જનાવરો પૂંછડી હલાવી નાચવા લાગ્યાં.

ઘેટાભાઈની પૂંછડીમાં તો કૂતરાભાઈ હતા. એનાથી કેમ નચાય ને કેમ કરીને પૂંછડી હલાવાય?

પણ નાચ તો એવો વધ્યો અને ઢોલ તો એવો વાગ્યો કે ઘેટાભાઈથી ન રહેવાયું, ને તે પણ પૂંછડી પટપટ

હલાવીને નાચવા લાગ્યા ! ને ત્યાં તો કૂતરાભાઈ પૂંછડીમાંથી બહાર પડી ગયા !

કૂતરાભાઈ કહે : ''હવે માર્યા !''

ભાઈશા'બ તુરત જ ઊઠીને ભાગ્યા ને એક માણસની પાછળ સંતાઈ ગયા.

ચિત્તાભાઈએ ગુસ્સામાં ને ગુસ્સામાં ઘેટાને ઠાર કર્યું.



પછી ચિત્તો કૂતરાને મારવા દોડયો પણ ત્યાં તો માણસે સામેથી ડાંગ ઉગામી.

ચિત્તાભાઈ કહે : ''ઠીક છે, કુત્તાભાઈ ! કોઈક દિવસ લાગ આવવા દે. એકલો જોઉં તો ખાઈ જ જાઉં !''

ત્યારથી કૂતરાને અને ચિત્તાને વેર છે. કૂતરો ચિત્તાને દેખીને ભાગે છે. કૂતરાએ જંગલમાં રહેવું છોડી દીધું છે, ને ત્યારથી તે માણસની સાથે જ વસે છે.

અઘરા શબ્દોના અર્થ

અણિશુદ્ધ = અણી પણ ભાંગ્યા વિનાનું

આઢવું = ઢોર ચરાવવા જવું

કાચરી = મીઠામાં આથીને સૂકવેલા ફળના કટકાની સૂકવણી

ખાડું = ભેંશનું ટોળું

ખો = ખાઈ; બખોલ

ગંજેરી = ગાંજો પીવાવાળા

ઝપેટવું = લગાવવું; મારવું

ટકા = રૂપિયા

ઢોરો = ટેકરો

થોભવું = પકડવું

ઘોરી = બળદ

નેણ = ઘોંસરાને બાંધવાનું દોરડું

પાંશરું = સીધું; સરખું

ફોડલો = ફોલ્લો

ભરમ = છૂપી ગાત

માલવાળો = ઘણાં ઢોરવાળો

માયા = ધન; પૈસો ઘરેણું વગેરે કિંમતી માલ

માંગર = હરામી

મોલ = પાક

રખોપું = રખવાળી

રળવું = કમાવું

લા = લાહ્ય; બળતરા

વરખોળવું = નખવતી ઉખેળવું

વાન = રંગ

વાસરવું = પવન છોડવો

વેન = રઢ; કજિયા કરી પાછળ મંડવું તે.

સુનો = સાંભળો

સૂંથિયું = ગોળીની નીચે મુકવાની મોટી ઈંઢોણી

હાટ = દુકાન

સ્વ. ગિજુભાઈનું સાહિત્ય

દિવાસ્વપ્ન
આ તે શી માથાફોડ ?
શાંત પળોમાં
પ્રાસંગિક મનન
કિશોર કથાઓ ભાગ – ૧ – ૨ – ૩ –૪
રખડુ ટોળી
મા – બાપ થવું આકરું છે.
વાર્તાનું શાસ્ત્ર
બાળવાર્તાઓ ભાગ ૧ થી ૫નો સેટ

○ અન્ય બાળસાહિત્ય ○

૧. ઘરમાં બાલમંદિર
૨. બાળકો તોફાન કેમ કરે છે ?
૩. બાળકોને વાર્તા કેવી રીતે કહીશું
લે. મૂળશંકર મો. ભટ્ટ

} ત્રણેયની એક પુસ્તકા સાથે જ છે.

બાળગીતો ભાગ – ૧ – ૨ – ૩
સંપાદક : સોમાભાઈ ભાવસાર

: પ્રાપ્તિસ્થાન :

સંસ્કાર સાહિત્ય મંદિર

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.